Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com


Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**





વર્ષ: ૧૯, અંક: ૭, મે ૧૯૬૨ )  તંત્રી : જગજીવન બાઉચંદ દોશી  ( વૈશાખ : ૨૪૮૮



# પૂ. ગુરુદેવના જન્મસ્થાનનો મંગળ સ્વસ્તિક


( ૨૨૩ )

## પૂ. ગુરુદેવના જન્મ ધામમાં બિરાજમાન પરમ ઉપકારી શ્રી સીમંધર ભગવાન



### સ્વરૂપ રુચિવંતની ભાવના

જેઓ સ્વરૂપનગર વસતા, કાળ આદિ અનંત;
ભાવે, ધ્યાવે અવિચલપણે, જેહને સાધુ સંત;
જેની સેવા સુરમણિ પરે, સૌખ્ય આપે અનંત;
એવા મ્હારા હૃદયકમળે, આવજો શ્રી જિનેન્દ્ર.




**પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજી સ્વામી**



## અમૃત સિંચક પૂ. ગુરુદેવ

વૃક્ષ છાયા નીચે સ્વાધ્યાય કરે છે.

આપની શીતલ છાયામાં આપની અધ્યાત્મરસ ઝરતી વાણી સાંભળતાં સંસારના આતાપ શાન્ત થાય છે. પામરને પ્રભુતા પરખાવે છે. વિસ્મૃત ચૈતન્યપદ યાદ કરાવી મોક્ષમાર્ગના અંકુરો પ્રગટાવે છે. આપના ઉપકારનો પ્રતિ ઉપકારવાળવા અસમર્થ એવા અમ મુમુક્ષુઓના આપને પરમ ભક્તિથી વંદન.



# ધર્માત્માનાં અફર ફરમાન

વૈશાખ સુદ બીજ એટલે પરમ પ્રતાપી આત્મજ્ઞ સંત શ્રી કાનજી સ્વામીનો મંગલમય જન્મદિન. પરમાર્થથી તો તેઓ નિજ નિર્મળ પર્યાય પ્રગટ કરવા માટે જન્મ્યા અને અનેક ભવ્ય જીવોને નિર્મળતાના ઉત્પાદમાં નિમિત્તરૂપ થયા એટલે તેમને માટે મહા આનંદનું કારણ બન્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી ૭૨ વર્ષ પૂરાં કરી, ૭૩માં વર્ષમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગે તેમના ઉપદેશમાંથી તારવેલા કેટલાક અફર ફરમાનનું સ્મરણ કરીએઃ-

(૧) જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિથી રાગ અને પરના કર્તાપણાનો અભાવ અફર છે.

(૨) અનેકાન્તવિદ્યાની ઉપાસનાથી આત્મસિદ્ધિ અફર છે.

(૩) ભેદવિજ્ઞાન દ્વારા આસ્રવ નિરોધ અફર છે.

(૪) ક્ષાયિક સમકિતીનું સમ્યગ્દર્શન અફર છે.

(૫) નિશ્ચય રત્નત્રયનું નિરપેક્ષપણું અફર છે.

(૬) ક્ષપકશ્રેણિવંત આત્માની સ્વરૂપરમણતા અફર છે.

(૭) વીતરાગી દેવની વીતરાગતા અફર છે.

(૮) અનંતવીર્યશક્તિનું સ્વરૂપરચનારૂપ સામર્થ્ય અફર છે.

(૯) અખંડિત પ્રતાપવંત સ્વાતંત્ર્યથી શોભાયમાન આત્માની પ્રભુતા અફર છે.

(૧૦) અંતર્મુખ અવલોકન કરનારને સંસારનો વિલય અફર છે.

(૧૧) સર્વજ્ઞ પ્રભુની સર્વજ્ઞતા અફર છે.

(૧૨) અયોગી જિનેશ્વરનું અયોગીપણું અફર છે.

(૧૩) પરમાત્માનું પરમાનંદમયપણું અફર છે.

(૧૪) સિદ્ધ ભગવંતનું સિદ્ધત્વ અફર છે.

ઉપરોક્ત અફરપણાના દિવ્ય સંદેશાઓ જેઓ આપી રહ્યા છે, ત્રિકાળ અફર વીતરાગી કાયદાઓની અકાટય દલીલો આપીને તે દ્વારા અનાદિ કાળથી ચાલ્યા આવતા મિથ્યાત્વ પ્રતિપક્ષી ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જેઓ પ્રેરણા આપી રહ્યા છે, જેઓ અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણીને, નિજાત્માને જાણવાનો અને એ જ વિધિ વડે મોહક્ષય કરવાનો તથા નિવૃત થવાનો અફર ઉપદેશ આપી રહ્યા છે, જેઓ આત્મપરાયણ હોવાથી અફર આત્મપરાયણતાનો અમોઘ બોધ આપી રહ્યા છે, જેઓ ચૈતન્ય ભાવપ્રાણ ધારણ રૂપ અફર જીવત્વનું દર્શન કરાવી રહ્યા છે, જેમના શ્રીમુખે 'પુરુષાર્થ, પુરુષાર્થ' ના અફર પડકાર આવે છે, જેમની તત્કાળ બોધક વાણીમાં ભવના અભાવરૂપ સ્વભાવના અફર ભણકારા વાગે છે, જેઓ અફર પદવીના પરમ ઉપાસક છે અને શિવરમણી વરવા માટે અફર પગલે પ્રયાણ કરી રહ્યા છે એવા પરમોપકારી પૂ. ગુરુદેવશ્રીની અફર આજ્ઞાઓનું પાલન કરીને, આપણે તેમના અફર અનુયાયી બનીએ. એવી ભાવના સાથે આજના મંગલમય દિને તેમને વિવિધરંગી ભક્તિ પુષ્પોથી અત્યંત ઉલ્લસિત ભાવે વધાવીએ છીએ.

તેઓશ્રી આપણા જીવનપંથને અફર પણે નિરંતર પ્રકાશવા દીર્ઘાયુ હો એવી મંગલ કામના પૂર્વક અતિ વિનમ્ર ભાવે તેમને નમસ્કાર કરીએ છીએ.

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ


ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે, હું જે આ ભાવ કહેવા માગું છું તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ વડે <u>પ્રમાણ કરજો</u>; કારણ કે આ અનુભવપ્રધાન શાસ્ત્ર છે, તેમાં મારા વર્તતા સ્વ-આત્મવૈભવ વડે કહેવાય છે. આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં આચાર્યભગવાન કહે છે કે, 'આત્મ-દ્રવ્ય અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી એટલે કે એ બે અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણનાર અખંડ છું- એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું.' મુનિપણાની દશા અપ્રમત્ત અને પ્રમત્ત એ બે ભૂમિકામાં હજારો વાર આવ-જા કરે છે, તે ભૂમિકામાં વર્તતા મહા મુનિનું આ કથન છે.

સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે તેમ પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર-જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપ્યે પરમાત્મદશા—સિદ્ધદશા-પ્રગટ થાય છે.

આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે.

(પોતાના જ હસ્તાક્ષરમાં)

સદ્ગુરુદેવના હૃદયોદ્ગાર



# આત્મધર્મ

મે ૧૯૬૨ઃ અંકઃ ૭ ) તંત્રીઃ જગજીવન બાઉચંદ દોશી ( વૈશાખઃ ૨૪૮૮


## ધન્ય અવતાર

હે, પરમ ઉપકારી સદ્‌ગુરુદેવ,

આપશ્રીનો ધન્ય અવતાર છે. આપની ૭૩મી જન્મ જયંતી ઉજવતાં અમ ભક્તોને ખૂબ હર્ષ થાય છે. સમર્થ પૂર્વાચાર્યોના વીતરાગી વૈભવથી ભરપુર ગ્રંથરત્નોનો વારસો મળવા છતાં, તેના રહસ્ય–વેતાના અભાવે, અજ્ઞાન અંધકારની ઘેરી છાંય છવાઈ હતી. આ અવસરે આપનો પુનિત જન્મ થયો. આપે વીતરાગનો વારસો સંભાળ્યો, અને સુક્ષ્મ દ્રષ્ટિ વડે શ્રુત–સાગરના મંથન કરી અમૃત કાઢયા અને ભવ્ય ભાવિકોને પીરસ્યા. “સંત વિના અંતની વાતનો અંત પમાતો નથી” એ સુત્રની સિદ્ધિ આપમાં દ્રષ્ટિગત થતાં આપની સુમધુર અધ્યાત્મ રસથી તરબોળ વાણી સુણવા આપની સમીપ ભારતના ખુણે ખુણેથી હજારો મુમુક્ષુઓ આવે છે. આપ તેમને ઉદાર ચિત્તે એ જ્ઞાન ગંગાના પાવકજળનું પાન કરાવો છો. આપનું શરણ ગ્રહી મુમુક્ષુજનો સનાથ થયા. આપના પરમ ઉપકારને સંભારતા આપના જન્મ જયંતી દિને આપને અમારા ભક્તિપૂર્વક–સત–સત–વંદન.

# શુદ્ધનયનો વિષય એકરૂપ શુદ્ધાત્મા છે. તેને કોઈ પણ વિકલ્પની અપેક્ષા નથી

**( રાજકોટમાં શ્રી સમયસાર ગાથા ૧૨. કળશ ૭, ઉપર પૂ. ગુરુદેવનું પ્રવચન )**

**( તા. ૧૫-૨-૬૧, બુધવાર )**

******

શુદ્ધનયના બળ વડે આત્મજ્યોતિ પ્રગટ થાય છે, બીજાથી નહિ–એમ કળશ દ્વારા કહે છે:–

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्वेपि यदेकत्वं न मुंचति।।७।।

૧. શુદ્ધનય–સ્વસન્મુખ એકાગ્રદ્રષ્ટિને આધીન જે ભિન્ન આત્મજ્યોતિ છે તે પ્રગટ થાય છે તે આત્મજ્યોતિ નવતત્ત્વના અનેક વિકલ્પરૂપે થવા છતાં પોતાના એકપણાને છોડતી નથી.

શુદ્ધનયનો વિષય ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ છે. તેને આધીન આત્મજ્યોતિ છે, શુભ રાગરૂપ વ્યવહારના વિકલ્પ ઊઠે તેને આધીન આત્મજ્યોતિ નથી. વ્યવહારનયના વિષયમાં નવતત્ત્વ હોવા છતાં નિશ્ચયે ચૈતન્યજ્યોતિ પોતાના એકપણાને છોડતી નથી. હું જીવ છું. હું અજીવ નથી, આ પુણ્ય–પાપ છે, આસ્રવ છે.–એ પ્રમાણે નવતત્ત્વના વિકલ્પ ( રાગ ) પર્યાયમાં હોય એ રાગ હોવા છતાં રાગ અને ગુણભેદથી ભિન્ન એકલો જ્ઞાયકભાવ શુદ્ધ છે. તેમ અંતર્મુખ થતાં અનુભવી શકાય છે.

૨. એકલા નવતત્ત્વના ભેદને અનુભવે, એના જાણપણામાં જ રોકાય તે મિથ્યાત્વનો અનુભવ છે. વ્યવહારના અવલંબન વડે આત્મતત્ત્વની પ્રાપ્તિ કદી પણ થતી નથી. બાહ્ય અહિંસા, સેવા અને શુભરાગની રુચિવાળાને આ વાત કઠણ પડે તેમ છે, પણ વસ્તુ સ્વરૂપની યથાર્થ સમજણ વગર કદી પણ સંસાર પરિભ્રમણ ટળતું નથી.

૩. આત્મા એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં પરિપૂર્ણ જ્ઞાન–આનંદથી ભરેલો છે. વર્તમાન જ્ઞાનને રાગથી ખસેડી અંતર અભેદસ્વભાવ સન્મુખ કરે તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. વ્યવહારનયનો વિષય ભેદ અને રાગ છે તેના આધારે સમ્યગ્દર્શન ત્રણકાળમાં થઈ શકે નહિ.

૪. અહિંસા પરમોધર્મ કોને કહેવાય? પુણ્યની–રાગની રુચિ હોય તેને અહિંસા હોય નહિ; દયા, દાન, સેવા, ભક્તિના વિકલ્પ ઊઠે તે રાગ છે, ધર્મ નથી. બીજાને નહિ મારવાના, દાન દેવાના વગેરે શુભભાવ પુણ્ય તત્ત્વ છે. મારવા કે હેરાન કરવાના ભાવ તે પાપભાવ છે, તે બન્ને મલિનભાવ છે. પુણ્ય–પાપની લાગણીમાં એકત્વબુદ્ધિ કરવી તે હિંસા છે, તેમાં એકાગ્ર થયે અહિંસાધર્મ થાય નહિ. ધર્મીજીવને ભૂમિકાનુસાર શુભાશુભભાવ આવે છે; પણ તેને તે બંધનું કારણ માને છે.

૫. હું જીવ છું, અજીવ મારાથી ભિન્ન છે. એ બધી વિકલ્પદશાને ઓળંગી અંદર શુદ્ધચિદાનંદને સ્પર્શે, લક્ષમાં લઈ એકાકાર થઈ અનુભવે તે ધર્મનું પ્રથમ સોપાન છે.

૬. એક સમય પણ જો ધર્મ સમજાય તો સંસાર તૂટયા વિના રહે નહિ, પૂર્ણ ચૈતન્ય પ્રકાશને દ્રષ્ટિમાં પકડી તેમાં એકાગ્ર થતાં એકક્ષણમાં સંસારનો નાશ થાય છે. ધ્રુવસ્વભાવમાં પુણ્યપાપનો પ્રવેશ નથી. શુદ્ધનયના વિષયભૂત શુદ્ધઆત્માનું શ્રદ્ધાન કરે તે સમ્યગ્દર્શન છે. ધ્રુવસ્વભાવની દ્રષ્ટિ થઈ ત્યારથી શ્રદ્ધા અપેક્ષાએ તે સંસારથી –વ્યવહારની રુચિથી મુક્ત જ છે.

૭. જેમ અગ્નિ તૃણાગ્નિ, પાંદડાની અગ્નિ, લાકડાની અગ્નિ એમ નિમિત્તના કારણે અનેક પ્રકારે ઓળખાય છતાં અગ્નિ તો એક જ પ્રકારે છે, તેમ વ્યવહારનય નવતત્ત્વના ભેદવડે આત્માને અનેક પ્રકારે ઓળખાવે છે પણ શુદ્ધનયથી જોતાં આત્મામાં ચૈતન્યજ્યોતિપણું સદાય એકરૂપ છે. દેહ; ઇન્દ્રિયો અને પુણ્યપાપની લાગણીથી પાર આત્મા પૂર્ણજ્ઞાનઘનપણે જ સદા પ્રકાશમાન છે, પણ રાગની ક્રિયા ઉપર જેની દ્રષ્ટિ છે તેને તે જ્ઞાનસ્વરૂપે દેખાતો નથી.

૮. 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ.' આંખ આડું તણખલું રાખે તો સામે આખો પહાડ હોવા છતાં તે દેખાય નહિ, તેમ એકલા નવતત્ત્વના વિકલ્પની આડમાં એટલે કે વ્યવહારના પ્રેમમાં પૂર્ણ ચૈતન્યસ્વરૂપી આત્મા છે, છતાં તે દેખાતો નથી એટલે કે પ્રતીતિમાં–અનુભવમાં તે આવતો નથી. ભગવાન આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિમ્બ છે, નવતત્ત્વના વિકલ્પવડે તે અનેકરૂપ દેખાવા છતાં રાગાદિરૂપે નથી, શરીરરૂપે નથી તથા તેને આધીન પણ નથી.

૯. જેમ પાણીમાં મીઠું હોય તે આંખવડે અથવા હાથવડે જુદું ન અનુભવાય છતાં

ચાખવાથી અને ઉકાળવાથી પાણીથી ભિન્ન અને ખારાશમાત્રથી એકાકારપણે તે અનુભવી શકાય છે. તેમ આત્મા શુદ્ધનયવડે દેહ અને રાગાદિથી જુદો અનુભવી શકાય છે–તેવી અંતરદ્રષ્ટિ થવી તે સમ્યગ્દર્શન છે.

૧૦ भूयत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।
आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मतं।। १३।।

ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય–પાપને આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩

શુદ્ધનયથી જાણેલા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ સમ્યક્ત્વ છે. આ જીવાદિ નવતત્ત્વોમાંથી અનાદિ–અનંત એક જ્ઞાયકસ્વભાવને જુદો તારવવો તે ભૂતાર્થથી (નિશ્ચયથી) સમ્યગ્દર્શન છે.

આત્માને જ જીવ કહેવાય છે, જ્ઞાન, દર્શન, સુખ અને સત્તા (–અસ્તિત્વ) રૂપી ભાવપ્રાણવડે ટકવાની અપેક્ષાએ તેને જીવ કહેવાય છે; અને અતતીતિ–ગચ્છતીતિ–સદાય જાણે અને પરિણમે છે તે અપેક્ષાએ તેને આત્મા કહેવાય છે. આત્મા શક્તિ અપેક્ષાએ શુદ્ધ છે પણ વર્તમાનદશામાં વિકાર છે. જો વર્તમાનદશામાં પણ તે તદ્દન શુદ્ધ હોય તો તેને પરમાનંદનો પ્રગટ અનુભવ હોવો જોઈએ.

૧૧. આત્મા ત્રિકાળ જ્ઞાનાનંદ શાંતરસથી પૂર્ણ છે, વ્યવહારનયથી તેને નવતત્ત્વના અનેક ભેદરૂપે બતાવ્યો છે, તે નવમાંથી શુદ્ધનયવડે તેનો (પૂર્ણજ્ઞાનઘન સ્વભાવનો) અભેદ–એકરૂપ અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી આત્મા છે તેને જાણ્યા વિના, અનુભવ કર્યા વિના શુદ્ધતાનું થવું, વધવું કે ટકવું, બને નહિ.

૧૨. હું જીવ છું, મારાથી ભિન્ન બીજા અનંત જીવ–અજીવ છે તે તેનાથી છે, મારાથી નથી. તેનાં દ્રવ્ય, ગુણ, પર્યાય તેનાથી છે, તેનામાં છે. તેમાં મારો બિલકુલ અધિકાર નથી. જડનું, શરીરનું, હાથપગનું કામ આત્મા કરી શકે નહિ, કેમકે તે અજીવ–જડપદાર્થ સત–વિદ્યમાન જગતનાં સ્વતંત્ર–તત્ત્વો છે.

આ શરીર વાણી, વસ્ત્ર વગેરે તેની સત્તાથી વિદ્યમાન અજીવતત્ત્વને સિદ્ધ કરે છે. તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ ગુણ અને તેની પરિવર્તન પામતી પર્યાયો તે તેનાથી છે, આત્માને આધીન તે કદી નથી. એની વ્યવસ્થા તે કરે છે, તેના વડે ને તેના આધારે તે થાય છે, આવું વસ્તુસ્વરૂપ ન માનતાં એનાં કાર્ય હું કરું, હું હોઉં તો તેનું કાર્ય થાય,–એમ જે માને છે તેને વ્યવહારથી પણ અજીવતત્ત્વની શ્રદ્ધા નથી. અજ્ઞાની પરપદાર્થનું

કર્તાપણું માની અભિમાન કરે પણ પરનું તે કાંઈ કરી શકતો નથી. કેમકે જડ–પુદ્ગલ પરમાણુ કાયમી તત્ત્વ જગતમાં છે. તે તેનાપણે ટકીને, તેની તાકાતથી નવી–નવી અવસ્થાપણે બદલ્યા કરે છે.

૧૪. જેના બે ટુકડા શસ્ત્રથી પણ ન થાય, જ્ઞાનમાં પણ જેના બે ભાગ ન કલ્પી શકાય તેને પરમાણુ કહે છે, તે એકેક પરમાણુમાં સ્વતંત્ર અનંતી તાકાત છે. તેઓ સ્વયં પલટીને શરીરાદિરૂપે થાય છે. તેનું કોઈ કાર્ય આત્મા કરી શકતો નથી અને તેઓ એક સમય પણ તેના કાર્ય (પરિણમન) માટે કોઈની રાહ જોતાં નથી. આમ સ્વ–પરની ત્રિકાળ સ્વતંત્રતા કબૂલે તો જે જ્ઞાન પરમાં કર્તા–ભોક્તાપણું, સ્વામીપણું, પરથી સુખી–દુઃખી થવાપણું માની અજ્ઞાનવડે રાગમાં રોકાતું હતું તે જ જ્ઞાન પરથી ભિન્ન અનંતગુણનો જે પિંડ છે ને જેમાં બેહદ પ્રભુતા પડી છે તેવા આત્મામાં જોડાણ કરે તો અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય.

સ્વ–પરનું ભેદજ્ઞાન જેને નથી તે જીવ હું બીજાને સુખી–દુઃખી કરી શકું છું, બીજા મને સુખી–દુઃખી કરી શકે છે, હું બીજાને મારી–જીવાડી શકું છું ને બીજા મને મારી–જીવાડી શકે છે, એમ માને છે. તે જીવ ચૈતન્યતત્ત્વને પોતાપણે નહિ માનતો શરીરને પોતાપણે માને છે; અને દયા, દાન, પૂજા, સેવા આદિ રાગની ક્રિયાને ધર્મ માને છે; અને એ જ સંસારનું મૂળિયું છે.

૧૫. રાગની રુચિવાળો જીવ પુણ્ય–પાપને કરવા જેવા માને છે તેથી તેને નવતત્ત્વમાંથી એકપણ તત્ત્વની સાચી સમજણ નથી. પર પ્રાણી પ્રત્યે દયાનો ભાવ અથવા દાનાદિનો ભાવ થવો તે પુણ્યતત્ત્વ છે, હિંસા, જૂઠ, ચોરી, કુશીલાદિ ભાવ તે પાપતત્ત્વ છે, બંને મલિનભાવ ભાવઆસ્રવ છે, તેનાથી નવાં કર્મ આવે તે દ્રવ્ય (જડ) આસ્રવ છે. પુણ્ય આસ્રવ પણ બંધનું કારણ છે. તેમ ન માનતાં તેને ધર્મનું, સંવર–નિર્જરા–મોક્ષનું કારણ માને તેને નવતત્ત્વની ખબર નથી. શુભરાગથી કદી પણ સંવર ન થાય.

૧૬. અજ્ઞાની કુયુક્તિથી દ્રષ્ટાંત આપે છે કે–કાંટાવડે કાંટો નીકળે છે, અથવા એરંડિયું પીએ તો અંદરનો મળ નીકળે ને એરંડિયું પણ નીકળી જાય. માટે પ્રથમ પુણ્ય કરો, શુભરાગ કરતાં કરતાં પ્રથમ પાપ ટળશે ને પછી પુણ્ય–પાપ ટળી જશે તો તે સત્યનો ઘાત કરનાર દ્રષ્ટાંતભાસ છે. સંસારની રુચિવાળાને રાગની વાત જ ગોઠે છે.

સમ્યગ્દર્શન થયા પહેલાં વિકલ્પવડે નવ તત્ત્વનું સ્વરૂપ યથાર્થપણે જાણવું જોઈએ. નિર્જરામાં શુદ્ધાત્માના આલંબનવડે અંશે શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધિની હાનિ થાય છે; અને

મોક્ષમાં આત્માના પરિપૂર્ણ આલંબનવડે સંપૂર્ણ શુદ્ધતા પ્રગટે છે. એમ વિકલ્પથી નક્કી કરી, જેમ છે તેમ નવ તત્ત્વોને જાણે તો પણ તે સમ્યગ્દર્શન નથી.

૧૭. જીવ પૂર્ણજ્ઞાનઘન છે. તેને શુદ્ધનયથી જાણ્યે સમ્યગ્દર્શન છે. જ્યાં સુધી આ જીવ શુદ્ધનયવડે નિર્વિકલ્પ અનુભવથી આત્માને ન જાણે ત્યાં સુધી રાગમાં, ભેદમાં અને પરમાં મમતા કર્યા કરે છે. જીવની પર્યાય જડથી જુદી છે–સ્વતંત્ર છે અને જડ (અજીવ) ની પર્યાય જીવથી ત્રણેકાળે જુદી છે સ્વતંત્ર છે–અજીવથી જીવની પર્યાય નથી. અને જીવથી અજીવની પર્યાય નથી. શુભાશુભરાગ જીવની પર્યાયનો અંશ છે, રાગ રહિત અંશે શુદ્ધતા તે સંવર–નિર્જરા છે અને પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે એમ બરાબર સ્વીકારે છતાં એ રાગ છે.

૧૮. જ્યારે ભેદને ગૌણ કરી, ભૂતાર્થદ્રષ્ટિથી એક ધ્રુવસ્વભાવને જાણે ત્યારે નવતત્ત્વના જ્ઞાનને વ્યવહારનય–વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા તે શુભરાગ છે. તેનો ભૂતાર્થદ્રષ્ટિમાં અભાવ છે. શુદ્ધનયનો વિષય એકરૂપ શુદ્ધાત્મા છે તેને કોઈપણ વિકલ્પની અપેક્ષા નથી.

૧૯. રાજા ગાદીએ બેઠા પછી હું રાજા છું એમ શું તે ગોખતો હશે ? તેને તો પ્રત્યક્ષ હું રાજા જ છું એવો અનુભવ છે, ધનવાન થયો તેને હું નિર્ધન નથી એમ ગોખવું પડતું નથી. તેમ ત્રિકાળી જ્ઞાયક ઉપર જેની દ્રષ્ટિ એકાગ્ર થઈ તે જીવ વિકલ્પનો કર્તા થતો નથી. જ્ઞાનીને નવતત્ત્વના વિકલ્પ આવે ખરા પણ તે વ્યવહારે જ્ઞાનનું જ્ઞેય છે. વ્યવહારનો અભેદ સ્વભાવમાં પ્રવેશ નથી.

૨૦. પરનું કોઈ કાર્ય આ જીવને આધીન નથી. શરીરની ક્રિયામાં આત્માનો વ્યવહાર નથી. વ્યવહારથી પણ શરીરની અવસ્થા જીવ કરી શકતો નથી, જો કરી શકતો હોય તો તેમાં અપવાદ ન હોય. કોઈને લકવા થાય તે વખતે શરીરની ક્રિયા કરવાની ઘણી ઇચ્છા હોય છતાં પણ શરીરની ક્રિયા ન થાય. તેનો અર્થ એ થયો કે જીવ પોતામાં જ્ઞાન કરી શકે, શુદ્ધતા અથવા અશુદ્ધતા પોતાની વર્તમાન પર્યાયમાં કરી શકે–પણ પરનું તો કાંઈ જ ન કરી શકે. એ સિદ્ધાંતમાં અપવાદ નથી છતાં જેને એવો ભ્રમ છે કે પરનું હું કરી શકું છું તેણે જીવ–અજીવને સ્વતંત્ર માન્યા નથી. બેને જુદા ન માનતાં એક માની મફતનો કર્તાબુદ્ધિ કરે છે તે દુઃખી થાય છે.

૨૧. રાગાદિ અશુદ્ધભાવ જીવના અસ્તિત્વમાં પર્યાયમાં થાય છે–તે કરે તો થાય અને ન કરે તો ન થાય એમ પ્રથમ વર્તમાન વિકારીભાવની સ્વતંત્રતા કબૂલ કરી તે ક્ષણિક–વિકારથી ત્રિકાળી સ્વભાવને જુદો અનુભવવો તેનું નામ સમ્યગ્દર્શન છે. નવતત્ત્વના ભેદથી ભિન્ન આત્માને શુદ્ધનયવડે એકરૂપ જાણવો તે સત્યાર્થ છે.

૨૨. રાગ તે હિંસા છે, રાગરહિત ત્રિકાળી સ્વભાવને શ્રદ્ધામાં લેવો તે અહિંસા છે અને

સ્વભાવમાં એકાગ્રતાના બળથી વિશેષપણે લીન રહેવું તે પરમ અહિંસા છે. મિથ્યાત્વ રાગાદિ રહિત આત્મભાવને અહિંસા કહેવામાં આવે છે.

૨૩. પુણ્ય–પાપ ભાવ તે અશુદ્ધ દશા છે, તેનાથી ચૈતન્યની જાગૃતિરૂપ ભાવપ્રાણને ઘાત થાય છે. જે ઘાતક છે તેનાથી આત્માનું હિત કેમ થાય? ન જ થાય. વર્તમાન દશામાં પુણ્ય–પાપ હોય છતાં પ્રથમ તેનો દ્રષ્ટિ–શ્રદ્ધા અપેક્ષાએ ત્યાગ હોય છે. રાગથી પાર ત્રિકાળી સ્વભાવ ઉપર દ્રષ્ટિ થતાં શુદ્ધાત્માની અનુભૂતિ–આત્મખ્યાતિ થાય છે તેને નિર્વિકલ્પ વિજ્ઞાનઘન આત્મા પ્રસિદ્ધ થયો, પુણ્ય–પાપ ઉપર દ્રષ્ટિ છે તેને મલિનભાવ પ્રસિદ્ધ થયો, આત્મા પ્રસિદ્ધ ન થયો.

૨૪ ગૃહસ્થ દશામાં પણ યથાર્થ અનુભવપૂર્વક આ દ્રષ્ટિ થઈ શકે છે. આ સમ્યગ્દર્શન વિના જે કંઈ કરવામાં આવે તેનાથી પરમાં અને રાગમાં કર્તાબુદ્ધિના અહંકારનું પોષણ જ થાય છે. કદાચ પુણ્ય બાંધે તો મિથ્યાત્વ સહિત પાપાનુબંધી પુણ્ય બાંધે છે.

‘હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.’

૨૫. જગતના જડ અને ચેતન પદાર્થો સદાય તેની શક્તિથી ટકીને બદલી રહ્યા છે–તેની વ્યવસ્થા તેના કારણે થઈ રહી છે, તારા–કારણે નહિ. અમે પરનાં કામ કર્યાં. સમાજને સુધારી દીધો, અમે ત્યાગી થયા છીએ, સ્ત્રી, ધનાદિ પરિગ્રહનો ત્યાગ કર્યો છે, લૂખો, સાદો, સાત્ત્વિક આહાર ખાઈએ છીએ –તો એ કાંઈ ધર્મીનું ચિહ્ન નથી. પુણ્ય પાપ તે બંધનાં કારણ છે, હું તેનાથી જુદો ત્રિકાળી જ્ઞાતા છું–એમાં જ્ઞાનને જોડી નવતત્ત્વના વિકલ્પથી છૂટો પડી, અનાદિ અનંત એકરૂપ આત્માને જોવો તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

૨૬. પ્રથમ શુભરાગ કરે, પુણ્ય કરે તો હળવો થાય એમ કહેનારની વિપરીત દ્રષ્ટિ છે, તે ચૈતન્યસ્વભાવની હિંસા કરનારી દ્રષ્ટિ છે. દયા, દાન, કરુણા, કોમળતાના ભાવ થાય તે પુણ્યતત્ત્વ છે, ધર્મતત્ત્વ તેનાથી પાર છે. વ્યવહારમાં એકતાબુદ્ધિ–છોડી, ભેદથી ખસીને અંતર અભેદ સ્વભાવમાં ઢળવું તેનું નામ સમ્યગ્દર્શન છે–એકને જાણ્યો, તેણે સર્વ જાણ્યું. વ્યવહારનય છે અને તેનો વિષય પણ છે પરંતુ એના લક્ષે આત્મા જણાય નહિ. અંતરજ્ઞાયકમાં ઠરીને, એક આત્મા જાણ્યો તેણે સ્વ–પર બધું જાણ્યું. અંતર્મુખદ્રષ્ટિ કર્યા વિના કોઈને પણ ધર્મ થતો નથી.

૨૭. ધર્મી ગૃહસ્થદશામાં હોય તો પણ તેને નિશ્ચય–વ્યવહાર બેઉનું જ્ઞાન હોય છે. નવતત્ત્વના વિકલ્પથી પાર નિર્વિકલ્પ શ્રદ્ધાજ્ઞાન હોય છે. તેથી આગળ વધતાં પુરુષાર્થ અનુસાર અંતરમાં સ્થિરતા વધે છે, ભૂમિકાનુસાર પુણ્ય–પાપ વ્રત, તપના શુભભાવ પણ હોય છે પણ શુભરાગને તે ધર્મ ન માને. પુણ્યબંધનું કારણ માને, ફોતરા સમાન છોડવા યોગ્ય માને.

૨૮. અજ્ઞાની બહારની ક્રિયા દેખી તેની નકલ કરવા જાય તેથી વીતરાગ ધર્મ જરાય ન થાય. શ્રીમંત શેઠાણી ડાંગર ખાંડતી હતી, ચોખા વજનમાં ભારે તેથી તે નીચે ઊતરતા જાય અને ઉપર ફોતરાં દેખાય. ગરીબ બાઈ ઉપરની ચીજ દેખીને ફોતરાં લાવીને ખાંડવા લાગી, પણ તેને ફોતરાંમાંથી ચોખા ન મળે; તેમ આત્મા ચૈતન્ય મહિમાવંત કિંમતી ચીજ છે, અંતર નિર્વિકલ્પ દ્રષ્ટિવડે તેને પકડી તેનો અનુભવ કરે તો ધર્મ થાય. અજ્ઞાની બાહ્ય–પુણ્યની ક્રિયામાં ધર્મ માને પણ તે સાચો ધર્મ નથી.

૨૯. જ્ઞાનીને વીતરાગી દ્રષ્ટિવડે ચૈતન્યસ્વભાવનું આલંબન તો નિરંતર છે; પણ ચારિત્રમાં વિશેષપણે ઠરી શકતો નથી. તેથી તેને દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રતાદિનો શુભરાગ આવે છે પણ તેને તે ધર્મ માનતો નથી.

૩૦. નવતત્ત્વના ભેદ તથા ગુણ–ગુણીભેદરૂપ વ્યવહારનો પક્ષ નવો નથી, અનાદિથી છે. જ્ઞાનીએ ભેદની દ્રષ્ટિ–વ્યવહારની રુચિ છોડી એકરૂપ અખંડાનંદની દ્રષ્ટિ કરે છે, તે અંતર્દ્રષ્ટિના અધ્યાત્મ–વિષયને ન જોતાં અજ્ઞાની બાહ્યદ્રષ્ટિથી રાગની ક્રિયા જુએ છે ને તેમાં ધર્મ માની બાહ્યની વાતમાં વળગી પડે છે. નવતત્ત્વના ભેદની દ્રષ્ટિ છોડી (વ્યવહારનો આશ્રય–રુચિ છોડી) અખંડ ચૈતન્યમાં દ્રષ્ટિ અને એકાગ્રતા કરવાથી ચારિત્ર પ્રગટ થાય છે.

૩૧. વાંદરાને નકલ કરવાની ટેવ હોય છે. જંગલમાં ઠંડીની રાત્રે કેટલાક લોકો ઘાસ એકઠું કરી દીવાસળીથી સળગાવી તાપતા હતા–વાંદરાએ તે જોયું અને આગિયા નામે જીવડાંને પકડીને ઘાસ સળગાવવા ઘણી મહેનત કરી પણ તેમાં અગ્નિ નથી તો ક્યાંથી પ્રગટ થાય? તેમ અજ્ઞાની શરીરની અથવા રાગની ક્રિયાને પકડી કષ્ટ કરે છે તો કરો–શુભભાવ હોય તો પુણ્ય બંધાય પણ અપૂર્વ યથાર્થ શાન્તિરૂપ ધર્મ તેનાથી ન થાય.

૩૨. જ્ઞાનીને નીચેની ભૂમિકામાં નવતત્ત્વના વિકલ્પ સાચા દેવ, શાસ્ત્ર, ગુરુની ઓળખ અને તે સંબંધી રાગ હોય છે પણ તેમાં અથવા તેના આશ્રયથી તેઓ ધર્મ માનતા નથી. રાગ હોવા છતાં તેનાથી જ્ઞાનને છૂટું પાડી અરાગીપણું સ્વભાવની દ્રષ્ટિ કરતાં નવે તત્ત્વના ભેદની દ્રષ્ટિ ટળી જાય છે. ભેદનો આશ્રય છૂટી જાય છે. શ્રદ્ધાના વિષયમાં–શુદ્ધનયના વિષયમાં તે ભેદ નથી.

૩૩. આ રીતે ભેદને ગૌણ કરનાર શુદ્ધનયથી નવમાંથી એક જીવને જુદો તારવી તેનો અભેદ અનુભવ કરવો તે આત્મખ્યાતિ–આત્મ પ્રસિદ્ધિ છે. જે આત્માએ પૂર્ણરૂપ શુદ્ધાત્માની અનુભૂતિ કરી તેને અંતરના ભગવાન મળ્યા, તેને આત્મસાક્ષાત્કાર થયો. વર્તમાન દશામાં નવતત્ત્વના વિકલ્પો અને ગુણભેદ હોવા છતાં ત્રિકાળી આત્માને અંતરમાં એકરૂપે અનુભવવો તે નિયમથી સમ્યગ્દર્શન છે. આ શુદ્ધનયથી આત્માની શુદ્ધ અનુભૂતિનો નિયમ કહ્યો. તેને આત્માનુભૂતિ કહો, શુદ્ધનય કહો, સમ્યગ્દર્શન કહો કે આત્મા કહો–એ બધું એક જ છે.

૩૪. ૧૮ દોષ રહિત સર્વજ્ઞદેવને પૂર્ણ શુદ્ધતા પ્રગટી તે મોક્ષ છેઃ–

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકલમાર્ગ નિર્ગ્રંથ.’

પૂર્ણ એકરૂપ આત્મવસ્તુ ઉપર દ્રષ્ટિ દીધા વિના સમ્યગ્દર્શન ન થાય, ભેદરૂપ વિષયને લક્ષમાં ન લેતાં અંદર ત્રિકાળી જ્ઞાયક સામાન્ય ઉપર દ્રષ્ટિ દઈ એકાગ્ર થતાં સમ્યગ્દર્શન થાય છે.

આત્માની એક સમયની અવસ્થામાં વિકારની યોગ્યતા છે. કોઈ તેને વિકાર કરાવી દે–એમ બને નહિ, અને એકલા સ્વવિષયમાં સ્વલક્ષે અનેકભેદ પુણ્યપાપ વગેરે બને નહિ.

તેમાં વિકારી થવા યોગ્ય યોગ્યતા જીવનની પર્યાયમાં લેવી અને વિકાર કરનાર તે નિમિત્તપણું જડ કર્મમાં લેવું. દયા–દાનાદિના શુભ ભાવ તે ભાવપુણ્ય છે અને તેમાં નિમિત્તરૂપ અજીવકર્મ તે વિકાર કરનાર દ્રવ્યપુણ્ય છે. શુભરાગ થવામાં તો જૂના મોહકર્મનો ઉદય જ નિમિત્ત છે. ને તે તો પાપકર્મ છે. છતાં જીવ તેને અનુસારે પરિણમતો નથી પણ પોતાની સ્વતંત્ર યોગ્યતાથી જ શુભરાગ ( ભાવપુણ્ય ) કરે છે. તેથી મોહકર્મના ઉદયને દ્રવ્યપુણ્યનો આરોપ અપાયો–એમ આમાંથી સાબિત થાય છે. કર્મનો જેવો ઉદય આવે તે અનુસાર ‘ડિગ્રી ટુ ડિગ્રી’ જીવમાં વિકાર થાય એ માન્યતા ખોટી છે.

૩૬. જીવની પર્યાયમાં પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ સાત ભેદ પડે છે તે નિમિત્ત વિના–નિમિત્તના આશ્રય વિના ન પડે. અને તે ભેદના લક્ષે અંતરમાં જવાની અભેદ દ્રષ્ટિ થતી નથી. ભેદરૂપ વ્યવહારના આશ્રયે સમ્યગ્દર્શન ન થાય. એકલા ભેદનો અનુભવ કરનાર મિથ્યાદ્રષ્ટિ છે. જીવની વર્તમાન દશામાં નવ પ્રકારના ભેદની યોગ્યતાની સ્વતંત્રતા ન કબૂલે ત્યાં સુધી તેને નિર્વિકલ્પ અભેદ અનુભવ અને શુદ્ધની શ્રદ્ધા સન્મુખ થવાની પાત્રતા આવે નહિ.

૩૭. દરેકમાં જુદી જુદી યોગ્યતા હોય છે ને તે સ્વતંત્ર હોય છે. જેમ દીવાસળીના લાકડાનો એક છેડો ગરમ થતાં બીજો છેડો ગરમ ન થાય, પણ લોખંડના સળિયાનો એક છેડો ગરમ થતાં બીજો છેડો ગરમ થાય. મોટું વજનદાર લાકડું પાણીમાં તરે ને લોઢાની નાની કટકી બૂડે તેનું કારણ શું? કે તેની તે પ્રકારની સ્વતંત્ર યોગ્યતા; તેમ આત્મામાં પુણ્ય–પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષરૂપ અવસ્થા ઉત્પન્ન થાય છે. તે તેની વર્તમાન પર્યાયની તે પ્રકારની યોગ્યતા છે.

૩૮. વર્તમાન વ્યક્તદશાની સ્વતંત્રતા કબૂલે તો પછી તેનો નકાર કરી તે વ્યક્તદશા જેટલો જ હું નથી પણ હું તો ત્રિકાળી એકરૂપ શુદ્ધ જ્ઞાનઘન છું. એમ અંતર્અનુભવની અભેદદ્રષ્ટિ કરી શકે; પણ જે વર્તમાન વ્યક્ત વિકારની સ્વતંત્રતા ન માને તે ત્રિકાળી અવ્યક્ત અખંડ નિર્વિકારને કેમ કબૂલી શકે? ન જ કબૂલી શકે.

૩૯. જો વર્તમાન રાગાદિ વિકારનું અસ્તિત્વ જડ કર્મને કારણે હોય તો તે ટળે નહિ. અને જીવની વર્તમાન પર્યાયમાં અશુદ્ધ ઉપાદાનની યોગ્યતા જ વિકારી થવા યોગ્ય ન હોય તો સંસાર સાબિત થાય નહિ. જીવની દશામાં વિકારી થવાની યોગ્યતા છે, ને તેમાં જૂના કર્મના ઉદયનું નિમિત્તપણું છે–એટલે કે તેને નિમિત્ત બનાવે તો વિકાર થાય છે. એકલા દ્રવ્યસ્વભાવને કારણ બનાવે તો રાગાદિ વિકાર ન થાય.

૪૦. પુણ્યપાપના પરિણામરૂપે થવાની જીવની યોગ્યતા છે પણ તે જીવનો સ્વભાવ નથી. ત્રિકાળી સ્વભાવમાં રાગાદિપણે થવાની યોગ્યતા નથી, તેનો તો તેમાં ત્રણેકાળે અભાવ છે. જીવની પર્યાયમાં ભૂલની યોગ્યતા છે તે કાંઈ જડ કર્મને લીધે નથી. કર્મ બિચારા જડ છે તેને સ્વ–પરની ખબર નથી તે તને શું કરે ?

૪૧. જીવ જે ભાવ કરે છે તેને તે કરનાર ન કહેતાં તે ભાવને જીવ યોગ્ય છે અને એ પ્રકારની જીવની પર્યાયની યોગ્યતા કહી છે. પુણ્યપાપના ભાવમાં અજીવકર્મનો ઉદય નિમિત્ત કારણ છે તેને વિકારક ગણીને તેને દ્રવ્યપુણ્ય, દ્રવ્યપાપ કહેવામાં આવે છે. અહીં યોગ્યતા એકલા જીવમાં બતાવવી છે, અજીવકર્મને કારણ કરવાથી રાગાદિ થાય છે, તે યોગ્યતા જડ કર્મને લીધે છે એમ માને તો જીવ અને અજીવ બે દ્રવ્ય એક થઈ જાય.

૪૨. પાણી સ્વભાવે શીતળતા રાખીને પોતાની યોગ્યતાથી ઉષ્ણ થાય છે, તેમાં અગ્નિ નિમિત્ત કારણ છે પાણી અગ્નિને લીધે ગરમ થયું એમ કહેવું તે નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારનું કથન છે. જો ખરેખર અગ્નિવડે પાણી ઉષ્ણ થયું હોય તો ત્યાં રહેલું આકાશ પણ ઉષ્ણ થવું જોઈએ. પણ એમ તો થતું નથી. પાણીમાં ઉષ્ણપર્યાયની યોગ્યતા પ્રગટ થવા કાળે અગ્નિ નિમિત્ત છે. તેનું જ્ઞાન કરાવવા માટે અગ્નિને કારણ કહેવાય છે. તેમ જીવ વિકારભાવે પરિણમે અને કર્મોના ઉદયમાં જોડાય તો કર્મને નિમિત્તકારણ કહેવાય છે. તેમાં ન જોડાય અને જ્ઞાનાનંદસ્વરૂપમાં સાવધાન રહે તો કર્મને અભાવરૂપ નિમિત્ત કહેવાય છે.

૪૩. જીવની વર્તમાન અશુદ્ધદશા તે પુણ્યપાપ થવા યોગ્ય છે તેમાં શુભરાગને ભાવપુણ્ય કહ્યું છે તેમાં નિમિત્તમાત્ર મોહકર્મ છે, જોકે તે પાપકર્મ છે છતાં તે જ નિમિત્તને દ્રવ્ય પુણ્ય કહ્યું–વિકારક કહ્યું. બેઉની સ્વતંત્રતા કબૂલીને નિમિત્ત–નૈમિત્તિક સંબંધમાં સાત પ્રકારે જીવની યોગ્યતા અને તેમાં સદ્ભાવરૂપ અથવા અભાવરૂપ જૂના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. એ રીતે વ્યવહારનયના વિષયમાં પુણ્યપાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ સાત ભેદ કેમ થયા એ જાણવું જોઈએ. પણ એ સર્વ ભેદને ગૌણ કરનાર અંદર ધ્રુવ એકરૂપ–ચૈતન્ય જ્ઞાયક વસ્તુ હું ભૂતાર્થ છું એમ નિર્ણય કરી અંદરમાં અભેદ ચૈતન્યને વિષય બનાવી, તેની નિર્વિકલ્પ શ્રદ્ધા કરે તેને સમ્યગ્દર્શન કહે છે.

# આચાર્યદેવ મિથ્યાત્વનું ઝેર ઉતારવા આત્મજ્ઞાનનું અમૃત પીરસે છે.

[ સમયસાર કલશ ૧૨૨ ઉપર, ગોંડલમાં પૂજ્ય ગુરુદેવનું પ્રવચન ]
( મહા સુદ ૯, વીર સંવત ૨૪૮૭ )

શ્રી સમયસાર પરમાગમ છે, તેની સર્વોત્તમ ટીકા કરનાર શ્રી અમૃતચંદ્રાચાર્ય એક હજાર વર્ષ પૂર્વે થઈ ગયા; તેમણે પ્રથમ માંગલિક 'નમઃ સમયસારાય' થી શરૂ કર્યું છે. આ કળશ મધ્ય મંગલરૂપે છે.

इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बंधस्तदत्यागात्त त्यागाद्बंध एव हि।।१२२।।

અર્થઃ– અહીં આ જ તાત્પર્ય છે કે શુદ્ધનય ત્યાગવા યોગ્ય નથી; કારણ કે તેના અત્યાગથી ( ગ્રહણથી ) બંધ થતો નથી, અને તેના ત્યાગથી બંધ જ થાય છે.

આખા શાસ્ત્રનો સાર આ છે કે શુદ્ધનય ત્યાગવા યોગ્ય નથી. ( શુદ્ધનય અને તેનો વિષય જે પૂર્ણ શુદ્ધાત્મા બેઉને અહીં એક–અભેદ ગણ્યા છે. ) આ કળશ મધ્યમંગળ છે. મંગળનો અર્થ એવો છે કે–મંગ=પવિત્રતા; સુખ, એને લ=લાવે, પમાડે તે. આત્મામાં નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને અતીન્દ્રિય સુખ અનુભવ દ્વારા પ્રગટ થાય તે ભાવને સર્વજ્ઞ ભગવાન મંગળ કહે છે. સંસારના માનેલા મંગળને મંગળ કહેતા નથી, કેમકે તે નાશવાન છે.

–મંગળનો બીજી રીતે અર્થઃ–મમ્=શરીર અને પુણ્ય પાપમાં મમતારૂપી જે પાપ તેને, ગલ=ગાળે એવા શુદ્ધભાવને મંગળ કહેવામાં આવે છે.

**'શુદ્ધનય'** તે સમ્યક્શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ છે. હિતકારી–અહિતકારી શું તેનો યથાર્થ નિર્ણય કરી જે જ્ઞાન પોતાના ત્રિકાળી પૂર્ણજ્ઞાનઘન સ્વરૂપમાં દોરી જાય તેનું નામ

'શુદ્ધનય' છે. રાગનો જે ભાગ બાકી રહ્યો તેને હેયરૂપે જાણે તે 'વ્યવહારનય' છે, તેમ જ ક્રમે થતા શુદ્ધિના ભેદને પણ જાણે તે પણ 'વ્યવહારનય' છે.

જેમ પીપરમાં પૂર્ણ તીખાશની શક્તિ કાયમ છે એમ જાણવું તે શુદ્ધનય–નિશ્ચયનય; અને તેમાં ક્રમે ક્રમે પ્રગટ થતી તીખાશના ભેદને જાણવા, કચાશના ભેદને જાણવા તે 'વ્યવહારનય' છે.

–શ્રદ્ધાનો વિષય અને શુદ્ધ નિશ્ચયનયનો વિષય એક જ છે. સર્વ ભેદને ગૌણ કરીને, ત્રિકાળી શુદ્ધ ચિદાનંદઘન પૂર્ણ સ્વભાવને એકને જ રુચિમાં લઈને તેમાં ઢળવું તેનું નામ **'શુદ્ધનય'** છે.

"શુદ્ધનય ત્યાગવા યોગ્ય નથી." એનો અર્થ એવો છે કે–આદર કરવા યોગ્ય એવા આ આત્માનું શાશ્વતસત્ ચિદાનંદસ્વરૂપ છે. તે તરફ દ્રષ્ટિ (–રુચિ) કરીને અશુદ્ધનય–વ્યવહારનો વિષય આદર કરવા યોગ્ય–અનુસરવા યોગ્ય નથી એમ જાણવું. શરીર, મન, વાણી મારાં નથી; હું તેનો કર્તા, કરાવનાર કે પ્રેરક નથી; પુણ્ય પાપરૂપ વિકાર તે જળમાં શેવાળ જેમ મેલ છે. તે મારું સ્વરૂપ નથી. વળી તે બંધનું–દુઃખનું કારણ છે પણ ધર્મનું કારણ નથી. માટે તેનો (અશુદ્ધનયના વિષયોનો) આદર–આશ્રય–રુચિ છોડવો–માત્ર નિજ શુદ્ધસ્વરૂપનો નિજમાં આદર–આશ્રય કરવો–આ કરવાનું આવ્યું. ઘણા પૂછે છે કે સાચું જાણીને કરવું શું? ઉત્તર કે–આ સાચા જ્ઞાનની ક્રિયા કરવી. અહીં તે સત્યજ્ઞાનક્રિયા કરવાની વાત જ કહેવાય છે.

પીપરના દરેક દાણામાં પૂર્ણ તીખાશની શક્તિ ભરી પડી છે. તથા લીલો રંગ કાયમ એવો ને એવો છે. તે પીપરના દાણાને ઘસવાથી જ પ્રગટ થાય છે. કટકા કરવાથી નહિ. વળી અંદરની શક્તિ–સામર્થ્ય, યોગ્યતા છે તેથી તેમાંથી તે પ્રગટ થાય છે, બહારથી આવે એમ નથી. તેમ દરેક આત્મા દેહથી જુદો, પોતપોતાની અનંત જ્ઞાનાનંદ શક્તિથી સદાય એકમેક છે. તેને ભૂલીને બાહ્ય વલણ કરે છે તેથી પુણ્ય–પાપ, રાગ–દ્વેષ, હર્ષ–શોકની વૃત્તિ ઊઠે છે. પણ તેવો અને તેટલો આત્મા નથી પણ પીપરના દ્રષ્ટાંતે પૂર્ણજ્ઞાનઘન શક્તિથી ભરેલો આત્મા છે, તે સદાય એવો ને એવો છે. તેને દ્રષ્ટિમાં લઈ, તેનાં શ્રદ્ધા–જ્ઞાન અને તેમાં એકાગ્રતા કરવાથી તેનો જ્ઞાનાનંદ સ્વભાવ પ્રગટ થાય છે, પણ કોઈ નિમિત્ત [સંયોગ] અથવા શુભાશુભરાગવડે તે પ્રગટ થાય એવો નથી. અંદરમાં જ્ઞાનાનંદ ધ્રુવશક્તિ કાયમ છે એવા જ્ઞાનસ્વરૂપ આત્માનો નિશ્ચય કરી તેના આશ્રયવડે તેની પવિત્રદશા પ્રગટ કરી શકાય છે.

પૂર્ણ શુદ્ધ સ્વરૂપનાં શ્રદ્ધા–જ્ઞાન હોવા છતાં, જ્ઞાનીને ચારિત્રપૂર્ણ નથી ત્યાં સુધી દયા, દાન, પૂજા, ભક્તિનો શુભરાગ આવે ખરો. પણ તે રાગ કરવા જેવો છે એમ તે ન માને. કોઈ જડકર્મ વગેરે મને રાગદ્વેષ કરાવે કે સુખદુઃખ આપે એમ તે ન માને, પરનું હું કાંઈ કરી શકું છું પર મારૂં કાંઈ કરી શકે છે એમ તે ન માને. કેમ કે ત્રણકાળ, ત્રણલોકમાં એમ બની શકતું નથી.

ધર્મ કાંઈ બહારથી લાવ્યો લવાતો નથી. વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. અમુક ક્ષેત્રમાં કે અમુક કાળમાં જ થાય એવો નથી. મિથ્યાત્વ, શુભાશુભભાવ દુઃખદાતા છે, ભૂલ-વિકાર ક્ષણિક છે દુઃખરૂપ છે તેનો નાશક ત્રિકાળી નિર્વિકાર સ્વભાવ છે. ભેદવિજ્ઞાનદ્વારા ત્રિકાળી પૂર્ણ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરી તેમાં જ વર્તમાન જ્ઞાનને વાળવું તે શુદ્ધનય છે અને તે ધર્મ છે.

-જ્યાં સુધી આ સ્વાધીન સ્વરૂપને જીવ ન જાણે ત્યાં સુધી તે પુણ્ય-પાપનો કર્તા થઈ સંસારમાં રખડે છે. દયા, દાન, વ્રત, તપ કરે તો પુણ્ય થાય અને તેના ફળમાં ધુળ મળે. પૈસા મળ્યા માટે પૈસાવાળો થઈ જતો નથી, કેમકે પૈસા ખરેખર તેને મળ્યા નથી.-જીવ પૈસાની મમતા કરે છે તેથી તેને તે મમતા મળે છે-જીવ મમતાવાળો અથવા વીતરાગી સમતાવાળો થઈ શકે છે; પણ પૈસાવાળો તો તે કદી થઈ શકતો નથી.

'અમારે અપવિત્રતા જોઈતી નથી'-એનો અર્થ એ થયો કે અમારે પવિત્ર થવું છે. એમાં એમ આવ્યું કે વર્તમાન દશામાં અપવિત્રતા છે ખરી પણ તે ક્ષણિક છે, કાયમ રહે એવી નથી, દુઃખરૂપ છે; માટે તેને ટાળવી છે અને તેના સ્થાને સુખમય એવી પવિત્રદશા લાવવી છે. તો તે ક્યાંથી આવશે ? કે અંદર ધ્રુવપવિત્ર જ્ઞાનાનંદ સ્વભાવ નિત્ય છે; તેનો આશ્રય કરે તો તેની એકાગ્રતાના બળવડે અંદરની શક્તિ વ્યક્ત થાય છે. એ રીતે અંતરમાંથી પવિત્રતા આવે છે, અપવિત્રતા ઉત્પન્ન થતી નથી. જેમ પીપરમાં ઉપર કાળો રંગ છે તે ટળી શકે છે ને તે ટળીને તેના સ્થાને પૂર્ણ લીલાશ-તીખાશ પ્રગટ થઈ શકે છે. એમ આત્મામાંથી અપવિત્રતા ટળી, પવિત્રતા પ્રગટ થઈ શકે છે. વીતરાગતા કરવા જેવી છે પણ તે ન થાય ત્યાં સુધી તો પુણ્ય કરવા જેવું છે ને ?-એમ ઘણા પૂછે છે; પણ એ કરવા-ન કરવાનો પ્રશ્ન સાચું સમજે તો રહે નહિ, કારણ કે જ્યાં સુધી રાગની ભૂમિકા છે ત્યાં સુધી અશુભથી બચવા શુભ આવે છે-હોય છે, પણ જ્ઞાનીને તેની ભાવના હોતી નથી કેમકે પુણ્ય-પાપ બેઉ આસ્રવ છે, બંધનાં કારણો છે. એ રીતે તેને જાણવા તે વ્યવહારનું કામ છે. જેમ છે તેમ જાણવામાં ચૈતન્ય સમજદાર છે, ઉદાર છે. અંદરમાં નિત્ય એકરૂપ સામાન્ય સ્વભાવ પડયો છે, તેના ઉપર દ્રષ્ટિ દેવી તે શુદ્ધનય છે અને તે છોડવા યોગ્ય નથી. કેમકે તેનું ધ્યેય સંસારનાં સર્વ દુઃખથી છોડાવી પૂર્ણ પવિત્રતામાં પહોંચાડવાનું છે.

એક ગામડામાં ગયા હતા. ત્યાં "અગાધગતિ" નામનું પુસ્તક કણબી (ખેડુત) ભાઈઓ લઈને સમજવા આવ્યા. તેમણે કહ્યું કે-આમાં શું કહેવા માગે છે ? એ અમને સમજાતું નથી. જવાબ આપ્યો કે, તમે વાંચો. વાંચતાં તેમાં એમ આવ્યું કે-આણીકોરની ઉપાસનાથી અહીંયાનું ફળ મળશે...તેનો ખુલાસો ૨૦ લીટીમાં કર્યો હતો તે વાંચતાં તેમાં એમ નીકળ્યું કે દયા, દાન, વ્રત, જપ, તપ, તીર્થ, નામસ્મરણ, ભજન, સ્તુતિ, પ્રાર્થના-સેવા, પૂજા, શાસ્ત્રવાંચન વગેરેનું ફળ સંસાર છે, તે જન્મમરણની ગતિ છે. આવું કરશો તો અહીં ફળશે એટલે કે જગતની જંજાળમાં જ રહેશો...વગેરે. પછી તેઓને સમાધાનમાં એમ કહ્યું કેઃ-આત્માની

ઓળખાણ કરતાં આત્માનું સાચું સુખ મળે, તેનાથી વિરુદ્ધ પુણ્ય–પાપ તે દુઃખ છે–સંસાર છે.

પુણ્ય–પાપ તો વિભાવ છે, દુઃખ છે. પુણ્યનો ભાવ તે મંદ આકુળતા છે; પાપનો ભાવ તીવ્ર આકુળતા છે. માટે તેની દૃષ્ટિ (રુચિ–ભાવના) છોડી અંદરમાં તેનાથી રહિત ધ્રુવસ્વભાવ છે. તેના ઉપર દૃષ્ટિ કર. જે જ્ઞાન અંતર સ્વભાવ તરફ વળે તે શુદ્ધનય છે ને તે ગ્રહણ કરવા યોગ્ય છે.

જેમ સમુદ્રમાં મધ્યબિન્દુમાંથી ઊછળીને ભરતી આવે તેને કોઈ રોકી શકે નહિ, તેમ આત્મા ધ્રુવજ્ઞાનાનંદ સમુદ્ર છે તેના આલંબનની દૃષ્ટિથી જાગ્યો તેને કોઈ રોકનાર નથી. જેમ સૂર્યમાં પ્રકાશ પ્રગટ થયો તેને રોકનાર કોઈ અંધકાર નથી; અંધકાર અંધકારમાં છે–તેમ રાગ રાગમાં છે, ક્ષણિક છે, વિરુદ્ધ છે, ખરેખર દુઃખદાતા છે. એમ જાણે તે તેનો તિરસ્કાર કરનાર અરાગસ્વભાવમાં રુચિવાળો થયા વિના રહે નહિ.

આત્મા સદા પૂર્ણજ્ઞાનસ્વભાવી છે, તેની શ્રદ્ધા છોડવા યોગ્ય નથી. કેમકે તે મોક્ષનું કારણ છે; અને પુણ્ય–પાપના વિકલ્પરૂપ અશુદ્ધતા છોડવા યોગ્ય છે કેમકે તેના આશ્રયે બંધન–દુઃખ જ થાય છે.

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावांतरच्छिदे।।१।।

પૂર્ણતાને લક્ષે શરૂઆત–પૂર્ણસાધ્યને શુદ્ધાત્માને લક્ષમાં રાખીને અંદરમાં પૂર્ણ પરમાત્મભાવ (ધ્રુવદ્રવ્યસ્વભાવ) છે તેને જ નમું છું. તેમાં જ પરિણમું છું, ઢળું છું,–એમ પ્રથમ મંગળ કર્યું. બીજા મંગળમાં શુદ્ધદૃષ્ટિ ત્યાગવા યોગ્ય નથી એમ કહ્યું, છેલ્લા મંગળમાં દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન બતાવવા કહ્યું કે, આ શાસ્ત્ર શબ્દોએ રચ્યું છે, અમે કર્યું નથી, આચાર્ય તો જ્ઞાતાપણું પોતાનું સ્વરૂપ છે તેમ જાણે છે. શબ્દરચનામાં મારું કાંઈ કર્તવ્ય નથી; મહાન અધ્યાત્મશાસ્ત્રની ટીકા કરું એવો રાગ (વિકલ્પ) આવ્યો પણ તે રાગનો કર્તા, ભોક્તા કે સ્વામી હું નથી, વાણીરૂપે ધ્વનિ ઊઠે છે તે શબ્દો ભાષાવર્ગણાથી થાય છે, હું તો જ્ઞાતા જ છું. મારામાં શબ્દો નથી. અમારામાં તો અવિનાશી જ્ઞાનાદિ ગુણ છે વર્તમાનજ્ઞાન ત્રિકાળી સ્વભાવમાં જોડયું છે તેથી નિર્મળશ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપી રત્નત્રય આ આત્મામાં ઉછળે છે. સ્વતંત્રતાની, બે તત્ત્વની ભિન્નતાથી દૃષ્ટિ કરનારો રાગાદિ (–પુણ્ય–પાપ) આદરણીય માનતો નથી. રાગ–દ્વેષ આદિ દોષ ઘટાડનારો ત્રિકાળી નિર્દોષ કોણ છે, તે જાણ્યા વિના અંશ માત્ર દોષ ટળી શકે નહિ. ને અંશમાત્ર મોક્ષમાર્ગનો વિવેક આવે નહિ. હા, પરલક્ષે રાગ પાતળો પાડી શકે તેથી પુણ્ય થાય પણ ધર્મ થઈ શકે નહિ.

ડહાપણથી ધનાદિ મળે એમ મોહથી અજ્ઞાની માને છે, પણ તેનું મળવું વર્તમાન પુરુષાર્થને આધીન નથી. જેમ પૂર્વનાં પુણ્ય વિના ધનાદિ ન મળે તેમ વર્તમાન નવા પુરુષાર્થ વિના ધર્મ (–વીતરાગીદૃષ્ટિ–જ્ઞાન–આનંદ) ન મળે.

વર્તમાન દશામાં મતિ–શ્રુતજ્ઞાન છે તે વડે ત્રિકાળી સ્વભાવ અને ક્ષણિક વિભાવનો વિવેક કરી, જ્ઞાનને અંતરમાં–ધ્રુવસ્વભાવમાં વાળવું તે ધર્મ છે, તે પ્રયત્ન–સાચો પુરુષાર્થ છે.

જેને ધર્મનો અને પુણ્ય–પાપની જુદાઈનો વિશ્વાસ ન આવે તેને વર્તમાન જ્ઞાનના સામર્થ્યનો વિશ્વાસ આવતો નથી.

"અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા." આત્મા સદાય જ્ઞાનમૂર્તિ છે. શરીર, ઇન્દ્રિયો અને તેના સ્પર્શાદિ વિષયો વિનાનું નિરપેક્ષ જ્ઞાન અને સુખ તેનામાં છે. તે શક્તિનો ભરોસો કરતાં જ્ઞાન અંદરમાં ઢળવા લાગે છે. આત્મામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી. સદાય અરૂપી અતીન્દ્રિજ્ઞાન–આનંદ તે તેનું રૂપ છે. એને ભૂલીને અસંખ્ય પ્રકારના પુણ્યપાપના ભાવ અનંતવાર જીવ કરી ચૂક્યો, ધર્મના નામે અનંતવાર ત્યાગી, બાવો, સાધુ થયો પણ પુણ્ય–પાપભાવ મારા નથી, તથા તે દુઃખ દાતા છે, એમ કદી માન્યું નથી. મારો સુખદાતા ભાવ મારામાં જ છે–એવી દ્રષ્ટિ અને અનુભવ કર્યા વિના જરીએ આત્મહિત થાય નહીં.

ઉપવાસ શું છે? આત્મભાવવડે આત્મામાં વસવું; અંદર ઇચ્છા–આકુળતા વિનાનો જ્ઞાનાનંદસ્વભાવ મારો છે. તેને દ્રષ્ટિમાં લઈને વિકલ્પ–પુણ્યપાપ તે મારું કાર્ય નથી, એમ જાણી અતીન્દ્રિય જ્ઞાન–આનંદથી ભરેલા એકરૂપ જ્ઞાયકભાવમાં એકરૂપ થઈને વસવું તેનું નામ ઉપ=સમીપ, વાસ=વસવું–તે ઉપવાસ છે.

'कषाय विषयाहारस्त्यागो यत्र विधीयते।
उपवासः स विज्ञेयः शेषं लंघनकं विदुः।।

મુખ્ય કષાય મિથ્યાત્વ છે. જ્યાં કષાય, વિષય અને આહારનો ત્યાગ કરવામાં આવે છે તેને ઉપવાસ જાણવો, બાકીનાને શ્રીગુરુ લાંઘણ કહે છે.

પ્રથમમાં પ્રથમ અતીન્દ્રિય જ્ઞાનમય આત્માનો મહિમા આવ્યા વિના વિષય–કષાયરૂપ પાપમાં તુચ્છતા કદી આવે નહિ.

દરેક આત્મામાં સદાય, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય, અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ, પ્રભુત્વ, વિભુત્વ, સર્વજ્ઞત્વ, સર્વદર્શિત્વ આદિ અનંતશક્તિ (અનંતગુણો) એક સાથે છે, પણ પ્રથમ તેની રુચિ ન કરે, કીંમત ન કરે તો જિજ્ઞાસાથી સાંભળે શેનો?

આત્મહિતનો અવસર અત્યારે જ છે. માનવભવ મળ્યો, સત્ય કાને પડતાં હા પાડે તેને સર્વ અવસર આવી ચૂક્યો છે. રુચે તેમાં વાયદો ન હોય, રાગાદિ દોષ હોવાટાણે પણ તેને ગૌણ કરનાર ત્રિકાળી જ્ઞાયક છું એવી દ્રષ્ટિના જોરે સ્વભાવનો વિશ્વાસ કરી ગુલાંટ માર તો તારા

સ્વભાવ સાગરમાં પૂર્ણજ્ઞાનાનંદ છલકે છે. તેમાં નિર્વિકલ્પદ્રષ્ટિમાં દેતાં જ નિર્મળ આનંદતરંગ અંદરથી આવશે.

બહારનું તો અનાદિથી અજ્ઞાની માની બેઠો છે, પણ અંદરની મર્યાદા નક્કી કરતો નથી, પરનું કરવું-ન કરવું, રાખવું, રોકવું કોઈ આત્માના અધિકારની વાત નથી. કેમકે કોઈનો કર્તા ત્રણકાળમાં થઈ શકતો નથી. જ્યાં સુધી પરમાં કર્તાપણું માને છે ત્યાં સુધી સંયોગમાંથી અને પુણ્ય-પાપમાંથી રુચિ બદલાવી શકતો નથી. બહારમાં અનુકૂળ-પ્રતિકૂળની કલ્પના કરી અનુકૂળની આશા અને પ્રતિકૂળથી ભય માન્યા કરે છે. તેથી અંતરમાં સ્વતંત્ર સ્વભાવને જોવા ધીરો થતો નથી. મારી ભૂલથી દુઃખ થાય. સમજણ કર્યે સુખ થાય, એટલી મર્યાદા નક્કી કરે તો અંદરમાં જોવાની ધીરજ આવે. કામ-ક્રોધાદિ, રાગ-દ્વેષ પુણ્ય-પાપના વિકલ્પો ક્ષણિક છે, તે મારો કાયમી સ્વભાવ નથી, જો તે કાયમ રહેનાર હોય તો તેનો નાશ કદી ન થાય. પણ યથાર્થની -વીતરાગતાની દ્રષ્ટિથી અંદર જ્ઞાનમાં સ્થિરતાનો પુરુષાર્થ કરે તો રાગાદિ દોષ ટળી શકે છે. રાગાદિ એના એ નથી રહેતા, ક્ષણે ક્ષણે નવી નવી અવસ્થાપણે ઓછા વધતા થઈ પલટાય છે; તેટલો અને તે રૂપે મારો સ્વભાવ નથી. કારણ કે તે દુઃખદાતા છે; અંતરમાં ધ્રુવસ્વભાવ પડયો છે તે સુખદાતા છે; પરમાં તારું કાર્ય ન થાય અને પરથી (-પરને કારણે) તારામાં કાર્ય ન થાય એમ નક્કી કરવું જોઈએ.

પુણ્ય-પાપ દુઃખદાતા જાણી તેનો આશ્રય શ્રદ્ધામાંથી છોડ. તારો સહજ જ્ઞાયક સ્વભાવ સદા પૂર્ણ ભર્યો છે; તેનો જ આશ્રય કરવા યોગ્ય છે.

જ્ઞાનીને પણ વીતરાગતા પૂર્ણ ન હોય ત્યાં લગી રાગ હોય, દયા, દાન, પૂજા, યાત્રાદિના શુભભાવ પણ હોય, કોઈવાર અશુભ પણ હોય; બેઉ બંધનું કારણ છે-એમ તે જાણે છે. સુખી થવું હોય તેણે અત્યારથી સાચી સમજણ કરવી પડશે. જો અત્યારે સાચી શ્રદ્ધા અને ભેદજ્ઞાન નહિ કરે તો ચોરાશીના અવતારમાં પરિભ્રમણ કરવું પડશે.

આ જાતના શ્રદ્ધાજ્ઞાનના પાયા પાકા ન કરે તો તેના ચોરાશીના રોણાં નહિ મટે. ભગવાન તેં સાચું સાંભળ્યું નથી. દરેક આત્મામાં ભગવાનપણું શક્તિરૂપે છે. તેની શ્રદ્ધા કરે, અભ્યાસ કરે, તો જ પ્રગટ દશામાં આવે.

ધર્મના નામે વાતો ઘણા કરે છે પણ જેમ કરિયાતાની કોથળી ઉપર નામ લખ્યું હોય કે "બીકાનેરી સાકર" તેથી અંદર ભરેલાં કરિયાતા મીઠાં ન થઈ જાય. તેમ બહારમાં નામ રાખે મહાત્મા, જ્ઞાની, ત્યાગી મુનિનું પણ અંદરમાં મિથ્યારુચિ છોડે નહિં તો તેનો સંસાર કદી ટળે નહિ.

સર્વજ્ઞ કથિત છયે દ્રવ્યની સ્વતંત્રતા સ્વિકારે નહિં, બંધના કારણને (-આસ્રવતત્ત્વને)

ધર્મ માને અથવા ધર્મનું કારણ માને, શાસ્ત્રો વાંચી જાય, ધર્મના નામે અમુક વાત કરે તેથી શું ? મૂળ પ્રયોજનભૂત રકમમાં સત્ય અસત્યનો નિર્ધાર નથી તો તેનું બધું મિથ્યા છે.

અહીં આચાર્યદેવ તો અનાદિના મિથ્યાત્વના ઝેર ઉતારવા અમૃત પીરસે છે, કે પુણ્યપાપની રુચિ છોડી ત્રિકાળી નિર્મળ સ્વભાવને જો-તેમાં રુચિ-પ્રિતીવંત થા, શુભઅશુભ રાગ હોવા છતાં રાગની પાછળ સર્વરાગાદિ દોષનો નકાર કરનાર વિકારનો નાશક હું જ્ઞાતા જ છું એમ સ્વાનુભવથી નિર્ણય કરે તેને તે જ ક્ષણથી સહજાનંદનો દાતા અમૃતમય ધર્મ શરૂ થાય છે.

**અહો ! સર્વોત્કૃષ્ટ શાન્તરસમય સન્માર્ગ –**

**અહો ! તે સર્વોત્કૃષ્ટ શાન્તરસ પ્રધાનમાર્ગના મૂળ સર્વજ્ઞદેવ અહો !**

**તે સવોત્કૃષ્ટ શાન્તરસ સુપ્રતીત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્‌ગુરુદેવ-તમે આ વિશ્વમાં સર્વકાળ જયવંત વર્તો ! જયવંત વર્તો !! (શ્રીમદ્‌ દ' જચંદ્ર)**

## વિશેષ સમાચાર

**પૂજ્ય સત્પુરુષ ગુરુદેવશ્રી કાનજીસ્વામી સોનગઢથી ચૈત્ર વદી ૧૦, તા. ૨૯-૪-૬૨ના રોજ રાજકોટ (સૌરાષ્ટ્ર) પધારશે. અને વૈશાખ સુદી પાંચમ તા. ૭-૫-૬૨ સુધી રોકાવાના છે. રાજકોટમાં શ્રી દિ. જિનમંદિર પાસે શ્રી મોહનલાલ કાનજી ઘીયા સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન થવાનું છે. તથા વૈશાખ સુદ ૨ ને દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીની ૭૩મી જન્મજયંતિ મહોત્સવ થશે. આવા ઉત્તમ અવસર પર ધર્મ જિજ્ઞાસુઓને ધર્મ શ્રવણનો લાભ લેવા વિનંતિ છે.**

# જૈન તત્ત્વ મીમાંસા
## વિષય–પ્રવેશ
( ગતાંક નં. ૨૧૬થી ચાલુ )

**[આગળના લેખનું અનુસંધાન-૨૨-આ રીતે આગમમાં ઉપચરિત કથન કેટલા પ્રકારે કરવામાં આવ્યા છે અને તે ત્યાં કયા આશયથી કરવામાં આવ્યા છે એનો વિચાર કરીને હવે અનુપચરિત કથનની સંક્ષેપમાં મીમાંસા કરીએ છીએ.]**

**૨૨-એ તો સ્પષ્ટ વાત છે કે પ્રત્યેક દ્રવ્ય પરિણમનસ્વભાવ છે તેથી તે પોતાના આ પરિણમન સ્વભાવને લીધે જ પરિણમન કરે છે. બીજું કોઈ પરિણમન કરાવે ત્યારે તે કરે નહિ તો ન કરે એમ નથી. કાર્ય-કારણ પરમ્પરામાં આ સિદ્ધાંત પરમાર્થભૂત અર્થનો પ્રતિપાદક છે. તેથી આ સાર ફલિત થાય છે-**

( ૧ ) આ જીવ પોતાના જ કારણે સ્વયં સંસારી બન્યો છે અને પોતાના જ કારણે મુક્ત થશે તેથી યથાર્થરૂપે કાર્યકારણભાવ એક જ દ્રવ્યમાં ઘટે છે. નયચક્રમાં કહ્યું પણ છે–

बंधे च भोक्ख हेउ अण्णो ववहारदो य णायव्वो।

णिच्छयदो पुण जीबो भणिओ खलुं सव्वदरसीहिं।। २३५।।

વ્યવહારથી (ઉપચારથી) બંધ અને મોક્ષનો હેતુ અન્ય પદાર્થ (નિમિત્ત) ને જાણવા જોઈએ. પણ નિશ્ચય (પરમાર્થ) થી આ જીવ સ્વયં બંધનો હેતુ છે અને આ જ જીવ સ્વયં મોક્ષનો હેતુ છે એમ સર્વજ્ઞદેવે કહ્યું છે. ૨૩૫.

( ૨ ) જે સ્વયં કાર્યરૂપે પરિણમે છે તે કર્તા છે અને કાર્ય એનું કર્મ છે. કરણ, સમ્પ્રદાન, અપાદાન અને અધિકરણના વિષયમાં પણ એ જ રીતે જાણી લેવું જોઈએ.

(૩) પ્રત્યેક દ્રવ્યની પોતાની પ્રત્યેક સમયની પર્યાય પોતાના પરિણમન સ્વભાવને કારણે ક્રમનિયમિત જ થાય છે. નિમિત્ત સ્વયં વ્યવહાર હેતુ છે, તેથી તેનાથી તે આગળ પાછળ કરી શકાય એમ નથી. ઉપાદાનને ગૌણ કરીને ઉપચારના હેતુથી તેમાં આગળપાછળ થવાનું ઉપચાર કથન કરવું એ બીજી વાત છે.

(૪) પ્રત્યેક દ્રવ્ય સ્વતંત્ર છે. એમાં તેના ગુણ અને પર્યાય પણ તેવી જ રીતે સ્વતંત્ર છે. એ કથન આવી જ જાય છે. તેથી વિવક્ષિત કોઈ એક દ્રવ્ય અથવા તેના ગુણો અને પર્યાયોનો બીજા દ્રવ્ય અથવા તેના ગુણો અને પર્યાયો બીજા દ્રવ્યના સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. એ પરમાર્થ સત્ય છે. તેથી એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે જે સંયોગસંબંધ અથવા આધાર–આધેયભાવ આદિ કલ્પવામાં આવે છે તેને અપરમાર્થ ભૂત જ જાણવો જોઈએ.

આ વિષયને સ્પષ્ટ કરવા માટે વાટકામાં રાખેલું ઘી લ્યો. અમે પૂછીએ છીએ કે ઘીનો પરમાર્થભૂત આધાર કોણ છે? વાટકો છે કે ઘી? તમે કહેશો કે ઘીની જેમ વાટકો પણ છે તો અમે પૂછીએ છીએ કે વાટકાને ઊંધો વાળતાં તે પડી કેમ જાય છે? ‘જે જેનો વાસ્તવિક આધાર હોય છે તેનો તે કદી પણ ત્યાગ કરે નહિ.’ આ સિદ્ધાંત પ્રમાણે જો વાટકો પણ ઘીનો વાસ્તવિક આધાર હોય તો તેણે ઘીનો કદી પણ ત્યાગ કરવો ન જોઈએ. પરંતુ વાટકો ઊંધો વાળતા ઘી વાટકાને છોડી જ દે છે. તેથી જણાય છે કે વાટકો ઘીનો વાસ્તવિક આધાર નથી. તેનો વાસ્તવિક આધાર તો ઘી જ છે, કેમકે તેને કદીપણ છોડતું નથી. તે વાટકામાં રહે, કે જમીન ઉપર રહે કે ઉડીને હવામાં અદ્રશ્ય થઈ જાય પણ તે સદા ઘીજ રહેશે. અહીં આ દ્રષ્ટાંત ઘીરૂપ પર્યાયને દ્રવ્ય માનીને આપવામાં આવ્યું છે. તેથી ઘીરૂપ પર્યાય બદલતાં તે બદલી જાય છે એ કથન અહીં લાગુ પડતું નથી. આ એક દ્રષ્ટાંત છે તેવી જ રીતે કલ્પિત જેટલા કોઈ સંબંધ છે તે બધાના વિષયમાં આ જ દ્રષ્ટિબિંદુથી વિચાર કરવો જોઈએ. સ્પષ્ટ છે કે માનવામાં આવતાં સંબંધોમાં એક માત્ર તાદાત્મ્ય સંબંધ પરમાર્થભૂત છે. એ સિવાય નિમિત્તાદિની દ્રષ્ટિથી બીજા જેટલા સંબંધ કલ્પવામાં આવ્યા છે તેને ઉપચરિત હોવાથી અપરમાર્થભૂત જ જાણવા જોઈએ. આમ કરવાથી વ્યવહારનો લોપ થઈ જશે એમ માનીને ઘણા વિદ્વાનો આવા કલ્પિત સંબંધોને પરમાર્થભૂત માનવાનો પ્રયત્ન કરે છે. પરંતુ એ જ એમની સૌથી મોટી ભૂલ છે કેમકે એ ભૂલ સુધારતાં જો એમના વ્યવહારનો લોપ થઈને પરમાર્થની પ્રાપ્તિ થાય તો સારૂં જ છે. આવા વ્યવહારનો લોપ કોને ઈષ્ટ ન હોય? આ સંસારી જીવને સ્વયં નિશ્ચયરૂપ બનવા માટે પોતામાં અનાદિકાળથી ચાલ્યા આવતા આ અજ્ઞાનમૂલક વ્યવહારનો લોપ તો કરવાનો જ છે. એને બીજું કરવાનું જ શું છે? વાસ્તવિક રીતે જોવામાં આવે તો એ જ

એનો પરમ (સમ્યક્) પુરુષાર્થ છે. તેથી વ્યવહારનો લોપ થઈ જશે એ ભ્રાન્તિથી પરમાર્થથી દૂર રહીને વ્યવહારને જ પુરુષાર્થરૂપ સમજવાની ચેષ્ટા કરવી યોગ્ય નથી.

(૫) જીવની સંસાર અને મુક્ત અવસ્થા છે અને તે વાસ્તવિક છે એમાં શંકા નથી. પણ એ આધારે કર્મ અને આત્માના સંયોગ સંબંધને વાસ્તવિક માનવો યોગ્ય નથી. જીવનો સંસાર એની પર્યાયમાં જ છે અને મુક્તિ પણ એની જ પર્યાયમાં છે. એ વાસ્તવિક છે અને કર્મ તથા આત્માનો સંયોગ સંબંધ ઉપચરિત છે.

૨૩–સંયોગસંબંધ એ શબ્દ પોતે જ જીવ અને કર્મ જુદા જુદા હોવાનું કહે છે. તેથી યથાર્થ અર્થનું કથન કરતાં શાસ્ત્રકારોએ એ વચન કહ્યું છે કે જે વખતે આત્મા અશુભભાવરૂપે પરિણમે છે તે વખતે તે સ્વયં શુભ છે, જે વખતે સ્વયં અશુભભાવરૂપે પરિણમે છે તે વખતે તે સ્વયં અશુભ છે અને જે વખતે શુદ્ધભાવરૂપે પરિણમે છે તે વખતે તે સ્વયં શુદ્ધ છે. આ કથન એક જ દ્રવ્યના આશ્રયે કર્યું છે, બે દ્રવ્યના આશ્રયે નહિ તેથી પરમાર્થભૂત છે અને કર્મોને કારણે જીવ શુભ કે અશુભ થાય છે અને કર્મોનો અભાવ થતાં શુદ્ધ થાય છે એ કથન ઉપચરિત હોવાથી અપરમાર્થભૂત છે કેમકે જ્યારે આ બંને દ્રવ્ય સ્વતંત્ર છે અને એક દ્રવ્યના ગુણધર્મનું બીજા દ્રવ્યમાં સંક્રમણ થતું નથી તો પછી એક દ્રવ્યમાં બીજા દ્રવ્યના કારણરૂપ ગુણ અને બીજા દ્રવ્યમાં તેના કર્મરૂપ ગુણ કેવી રીતે રહી શકે અર્થાત્ રહી શકે નહિ. આ કથન થોડું સૂક્ષ્મ તો છે. પરંતુ વસ્તુસ્થિતિ એ જ છે. આ વિષય સ્પષ્ટ કરવા માટે અમે તત્ત્વાર્થસૂત્રનું એક વચન ઉદ્ધૃત કરીશું. તત્ત્વાર્થસૂત્રના ૧૦મા અધ્યાયની શરૂઆતમાં કેવળજ્ઞાનની ઉત્પતિ કેવી રીતે થાય છે એનો નિર્દેશ કરતાં કહ્યું છે–

**मोहक्षयाज्ज्ञानदर्श नावरणान्तरायक्षयाच्च केवलम्।। १०-१।।**

મોહનીય કર્મના ક્ષયથી તથા જ્ઞાનાવરણ–દર્શનાવરણ અને અંતરાય કર્મના ક્ષયથી કેવળજ્ઞાન થાય છે. ૧૦–૧.

૨૪–અહીં કેવળજ્ઞાનની ઉત્પત્તિનો હેતુ કોણ છે એનો નિર્દેશ કરતાં બતાવ્યું છે કે તે મોહનીય કર્મના ક્ષય થયા પછી જ્ઞાનાવરણાદિ ત્રણ કર્મોના ક્ષયથી થાય છે. અહીં ક્ષયનો અર્થ પ્રધ્વંસાભાવ અત્યંતાભાવ નહીં કેમકે કોઈપણ દ્રવ્યનો પર્યાયરૂપે જ નાશ થાય છે, દ્રવ્યરૂપે નહીં. હવે વિચાર કરો કે જ્ઞાનાવરણાદિરૂપ જે કર્મપર્યાય છે તેના નાશથી તેની અકર્મરૂપ ઉત્તર પર્યાય પ્રગટ થશે કે જીવની કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થશે. એક વાત બીજી છે તે એ કે જે સમયે કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થાય છે તે સમયે તો જ્ઞાનાવરણાદિ કર્મોનો

અભાવ જ છે અને અભાવને કાર્યની ઉત્પત્તિમાં કારણ માની શકાતું નથી. જો અભાવને પણ કાર્યની ઉત્પતિમાં કારણ માનવામાં આવે તો ગધેડાના શિંગડાને અથવા આકાશના ફૂલને પણ કાર્યની ઉત્પત્તિમાં કારણ માનવું પડે. જો એમ કહો કે અહીં અભાવને સર્વથા અભાવ તરીકે લીધો નથી પરંતુ ભાવાન્તર સ્વભાવ અભાવ તરીકે લીધો છે તો અમે પૂછીએ છીએ કે અન્ય ભાવના સ્વભાવરૂપ અભાવ શું વસ્તુ છે? તેનો નામ નિર્દેશ કરવો જોઈએ. જો કહો કે અહીં અન્ય ભાવના સ્વભાવરૂપ અભાવ જ્ઞાનાવરણાદિ કર્મોની અકર્મરૂપ ઉત્તર પર્યાયને ગણવામાં આવેલ છે તો અમે પૂછીએ છીએ કે એ આપ કયા આધારે કહો છો? ઉક્ત સૂત્રમાંથી તો એવો અર્થ ફલિત થતો નથી માટે તેને નિમિત્ત કથનની મુખ્યતાવાળું વચન ન માનતાં હેતુ કથનની મુખ્યતાવાળું વચન માનવું જોઈએ. સ્પષ્ટ છે કે અહીં જીવની કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થવાનો જે મુખ્ય હેતુ ઉપાદાન કારણ છે તેને તો ગૌણ કરવામાં આવ્યું છે અને જે જ્ઞાનની મતિજ્ઞાન આદિ પર્યાયોના ઉપચરિત હેતુ હતો તેના અભાવને હેતુ બનાવીને તેની મુખ્યતાથી આ કથન કરવામાં આવ્યું છે.

૨૫–અહીં બતાવવાનું તો એ છે કે જ્યારે કેવળજ્ઞાન પોતાના ઉપાદાનના લક્ષ્યથી પ્રગટ થાય છે ત્યારે જ્ઞાનાવરણાદિ કર્મરૂપ ઉપચરિત હેતુનો સર્વથા અભાવ રહે છે. પરંતુ એને (અભાવને) હેતુ બનાવીને એમ કહ્યું છે કે જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષય થવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આ વ્યાખ્યાનની પદ્ધતિ છે–જેનું શાસ્ત્રોમાં પદે પદે દર્શન થાય છે. પરંતુ યથાર્થ વાત સમજ્યા વિના એને જ કોઈ યથાર્થ માનવા લાગે તો તેને શું કહેવું? એ તો અમે માનીએ છીએ કે વ્યવહારની મુખ્યતાથી કથન કરનારા જેટલા કોઈ શાસ્ત્રો છે તેમાં ઘણું કરીને ઉપાદાનને ગૌણ કરીને, ક્યાંક નિમિત્તની મુખ્યતાથી કથન કર્યું છે કયાંક લૌકિક વ્યવહારની મુખ્યતાથી કથન કર્યું છે અને કયાંક અન્ય પ્રકારે કથન કર્યું છે. પણ એવા કથનનું પ્રયોજન શું છે તે તો સમજે નહિ અને તેને જ યથાર્થ કથન માનીને શ્રદ્ધા કરવા મંડે તો તેની એ શ્રદ્ધાને યથાર્થ કહેવી ક્યાં સુધી ઉચિત છે એનો વિચાર વિચક્ષણ પુરુષ પોતે જ કરે. વાસ્તવમાં નિમિત્ત એ ઉપચરિત હેતુ છે, મુખ્ય હેતુ નથી. મુખ્ય હેતુ તો બધે પોતાનું ઉપાદાન જ હોય છે કેમકે કાર્યની ઉત્પતિ તેનાથી જ થાય છે. છતાં પણ તે બાહ્ય હેતુ (ઉપચરિત હેતુ) હોવાથી તેના વડે સુગમતાથી ઇષ્ટાર્થનું જ્ઞાન થઈ જાય છે તેથી આગમમાં અને દર્શનશાસ્ત્રમાં મોટા પ્રમાણમાં તેની મુખ્યતાથી કથન કરવામાં આવ્યું છે. તેથી જ્યાં જે દૃષ્ટિકોણથી કથન કર્યું હોય તેને સમજીને જ તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ.

૨૬–આ ઉપચરિત અને અનુપચરિત કથનના કેટલાક દાખલા છે જે ગૌણમુખ્ય ભાવથી પ્રયોજન પ્રમાણે શાસ્ત્રોમાં સ્વીકારવામાં આવ્યા છે. દાખલા તરીકે જે દર્શનશાસ્ત્રના ગ્રન્થ છે તેમની રચ–

નાનું પ્રયોજન જ જાુદું છે તેથી ત્યાં મોક્ષમાર્ગની દ્રષ્ટિએ માત્ર સ્વસમયના પ્રતિપાદનની મુખ્યતા ન હોતાં સ્વસમયની સાથે પર સમયની પણ સમાન ભાવે મીમાંસા કરવામાં આવી છે. ફળસ્વરૂપ તેમાં ક્યાંક તો ઉપચરિત અર્થની મુખ્યતાથી કથન કરવામાં આવ્યું છે. ક્યાંક અનુપચરિત અર્થની મુખ્યતાથી કથન કરવામાં આવ્યું છે અને ક્યાંક ઉપચરિત અને અનુપચરિત બન્ને અર્થોની મુખ્યતાથી કથન કરવામાં આવ્યું છે. પરંતુ સાક્ષાત્ મોક્ષમાર્ગની દ્રષ્ટિએ સ્વસમયનું વિવેચન કરનાર જે અધ્યાત્મશાસ્ત્રના ગ્રન્થો છે તેમની સ્થિતિ તેનાથી જુદી છે.[1] જો વિચારપૂર્વક જોવામાં આવે તો એની રચનાનું પ્રયોજન જ જુદું છે. એનાથી પ્રત્યેક જીવને પોતાની તે શક્તિનું જ્ઞાન કરાવવામાં આવ્યું છે જે તેની સંસાર અને મુક્ત અવસ્થાનો મુખ્ય હેતુ છે. કારણ કે જ્યાંસુધી આ જીવને પોતાની ઉપાદાનશક્તિનું બરાબર રીતે જ્ઞાન થતું નથી અને તે નિમિત્તોને છોડવા કે મેળવવામાં લાગ્યો રહે છે ત્યાંસુધી તેનું સંસારના બંધનથી છૂટવાનું તો દૂર રહ્યું પણ તે મોક્ષમાર્ગને પાત્ર પણ થઈ શકતો નથી. માટે એ શાસ્ત્રોમાં હેય ઉપાદાનનું જ્ઞાન કરાવવા માટે ઉપચરિત કથનને અને ભેદરૂપ વ્યવહારને ગૌણ કરીને અનુપચરિત (નિશ્ચય) કથનને મુખ્યતા આપવામાં આવી છે અને તેના વડે નિશ્ચયસ્વરૂપ આત્માનું જ્ઞાન કરાવીને એક માત્ર તેનો જ આશ્રય લેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

---

[1]. જુઓ મૂળાચાર સમયસાર અધિકારની પ્રારંભની ઉત્થાનિકા.

૨૭–એ તો સુનિશ્ચિત (નક્કી) વાત છે કે જેટલો કોઈ વ્યવહાર છે તે પરાશ્રિત હોવાથી હેય છે, કારણ કે આ જીવે અનાદિકાળથી પોતાની ઉપાદાનની સંભાળ કર્યા વિના પરનો આશ્રય લીધો છે માટે સંસારને પાત્ર બન્યો છે. હવે એને જેમાં પરાશ્રયપણાનો અંશ પણ નથી એવું પોતાનું સ્વાશ્રયપણું પોતાની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રવડે પોતામાં જ પ્રગટ કરવાનું છે ત્યારે જ અધ્યાત્મવૃત્ત (આત્માચરણવાળો) થઈને મોક્ષનો પાત્ર બની શકશે, એ વાત બરાબર છે કે શરૂઆતની અવસ્થામાં આવા જીવને પોતાની પર્યાયમાંથી પરાશ્રયપણું સર્વથા છુટી જાય એમ નથી કેમકે તેનામાં પરાશ્રયપણાની અંતીમ પરિસમાપ્તિ વિકલ્પજ્ઞાન નિવૃત્ત થતાં જ થાય છે. છતાં પણ સૌથી પહેલાં આ જીવ પોતાની શ્રદ્ધાથી પરાશ્રયપણાનો ત્યાગ કરે છે, ત્યાર પછી તે ચારિત્ર અંગિકાર કરતો વિકલ્પજ્ઞાનથી નિવૃત્ત થઈને ક્રમેક્રમે નિર્વિકલ્પ સમાધિદશામાં પરિણમી જાય છે. જીવની આ સ્વાશ્રયવૃત્તિ પોતાની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રમાં કેવી રીતે ઉદય પામે છે તેનો નિર્દેશ કરતાં છ ઢાળામાં કહ્યું પણ છે–

जिन परम पैनी सुबुधि छैनी डार अन्तर भेदिया।
वरणादि अरु रागादितैं निजभावको न्यारा किया।।
निजमांहि निजके हेत निजकरि आपकौ आपे गह्यौ।
गुण गुणी ज्ञाता ज्ञान ज्ञेय मझार कछु भेद न रह्यो।।

૨૮–આ છંદમાં સૌથી પહેલાં ઉત્તમબુદ્ધિરૂપી છીણીવડે અંતરને ભેદી વર્ણાદિક અને રાગાદિકથી નિજભાવ (જ્ઞાયક સ્વભાવ આત્મા) ને જુદા કરવાનો જે ઉપદેશ આપવામાં આવ્યો છે અને ત્યાર પછી જે નિજભાવ છે તેને પોતામાં જ, પોતાવડે, પોતામાટે ગ્રહણ કરીને આ ગુણ છે. આ ગુણી છે, આ જ્ઞાતા છે, આ જ્ઞાન છે અને આ જ્ઞેય છે ઇત્યાદિ વિકલ્પોથી નિવૃત્ત થવાનો જે ઉપદેશ આપવામાં આવ્યો છે તેથી આ કથનવડે પણ તે જ સ્વાશ્રયપણાનો નિર્દેશ કરવામાં આવ્યો છે જેનો અમે પહેલાં ઉલ્લેખ કરેલો છે. એથી બતાવ્યું છે કે સૌ પહેલાં આ જીવને એ જાણી લેવું જરૂરી છે કે વર્ણાદિકનું આશ્રયભૂત પુદ્‌ગલદ્રવ્ય ભિન્ન છે અને જ્ઞાયકસ્વભાવ આત્મા ભિન્ન છે. પરંતુ તેનું આ જાણવું ત્યારે પરિપૂર્ણ ગણાય જ્યારે પરને નિમિત્ત માનીને થતાં રાગાદિ ભાવોમાં પણ તેની પરબુદ્ધિ થઈ જાય તેથી આ જીવને આ રાગાદિભાવ જ્ઞાયકસ્વભાવઆત્માથી ભિન્ન છે એ જાણી લેવું પણ જરૂરી છે. હવે સમજો કે કોઈ જીવે એ જાણી પણ લીધું કે મારો જ્ઞાયકસ્વભાવ આત્મા આ વર્ણાદિકથી અને રાગાદિક ભાવોથી ભિન્ન છે તોપણ તેનું એટલું જાણવું પૂરતું માની શકાતું નથી કારણ કે જ્યાંસુધી આ જીવને એવી બુદ્ધિ રહ્યા કરે છે કે પ્રત્યેક કાર્યની ઉત્પત્તિ નિમિત્તથી થાય છે, તો ત્યાંસુધી તેના જીવનમાં નિમિત્તનું અર્થાત્ પરના આશ્રયનું જ બળ રહ્યા કરવાથી તેણે પરાશ્રયવૃત્તિનો ત્યાગ કર્યો એમ કહી શકાતું નથી. માટે અહીં એમ સમજવું જોઈએ કે જે વર્ણાદિક અને રાગાદિકથી પોતાના જ્ઞાયક સ્વભાવ આત્માને ભિન્ન જાણે છે તે એ પણ જાણે છે કે પ્રત્યેક દ્રવ્યની પ્રતિ સમયની પર્યાય નિમિત્તથી ઉત્પન્ન ન થતાં પોતાના ઉપાદાનથી ઉત્પન્ન થાય છે. જો કે અહીં પ્રશ્ન થાય છે કે જ્યારે પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક સમયની પર્યાય નિમિત્તથી ઉત્પન્ન ન થતાં પોતાના ઉપાદાનથી જ ઉત્પન્ન થાય છે તો પછી રાગાદિભાવ પરના આશ્રયથી ઉત્પન્ન થાય છે એમ કેમ કહેવામાં આવે છે? સમાધાન એ છે કે રાગાદિ ભાવોની ઉત્પત્તિ પોતાના ઉપાદાનથી જ થાય છે, નિમિત્તોથી ત્રણ કાળમાં થતી નથી. કેમ કે અન્ય દ્રવ્યમાં તેનાથી ભિન્ન અન્ય દ્રવ્યનું કાર્ય કરવાની શક્તિ જ હોતી નથી. છતાં પણ રાગાદિભાવ પરના આશ્રયથી ઉત્પન્ન થાય છે એ પર તરફનો ઝૂકાવરૂપ દોષ બતાવવાને માટે જ કહેવામાં આવે છે. તે પરથી ઉત્પન્ન થાય છે માટે નહિ.

૨૯–સ્વપરની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા માન્યતાને કારણે જ આ જીવ સંસારી બની રહ્યો છે.

જીવ અને શરીરમાં એકત્વબુદ્ધિનું મુખ્ય કારણ પણ એ જ છે. આ જીવને સૌથી પહેલાં આ મિથ્યા માન્યતાનો જ ત્યાગ કરવાનો છે. એનો ત્યાગ થતાં જ તે જિનેશ્વરનો લઘુનંદન બની જાય છે. જેના પરિણામે તેની ભવિષ્યની સ્વાતંત્ર્યમાર્ગની પ્રક્રિયા સહેલી બની જાય છે. માટે જૈનદર્શન અથવા વ્યવહારનયની મુખ્યતાથી કથન કરનારા શાસ્ત્રોની કથન શૈલીથી અધ્યાત્મશાસ્ત્રોની કથન શૈલીમાં જે દ્રષ્ટિભેદ છે તેને સમજીને જ પ્રત્યેક મુમુક્ષુએ એનું વ્યાખ્યાન કરવું જોઈએ. લોકમાં જેટલી જાતના ઉપદેશ મળે છે તે સ્વમત અનુસાર કઈ રીતે સંગત છે એ બતાવવું તે જૈનદર્શનનું મુખ્ય પ્રયોજન છે તેથી તેમાં કયું ઉપચરિત કથન છે અને કયું અનુપચરિત કથન છે એવો ભેદ કર્યા વિના નય-પ્રમાણ દ્રષ્ટિથી બન્નેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પણ અધ્યાત્મશાસ્ત્રના કથનનું મુખ્ય પ્રયોજન જીવને સ્વ-પરનો વિવેક કરાવીને સંસાર બંધનથી છોડાવનારો સાક્ષાત્ ઉપાય બતાવવાનું છે. તેથી તેમાં ઉપચરિત કથનને ગૌણ કરીને અનુપચરિત કથનને જ મુખ્યતા આપવામાં આવી છે. આ રીતે તીર્થંકરોની સમગ્ર વાણી ઉપચરિત કથન અને અનુપચરિત કથન એ બે ભાગોમાં કેવી રીતે વિભાજિત છે તેની વિષય પ્રવેશની દ્રષ્ટિએ સંક્ષેપમાં મીમાંસા કરી.



**ચક્રવર્તીની સમસ્ત સંપત્તિથી પણ જેનો માત્ર એક સમય પણ વિશેષ મૂલ્યવાન્ છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવો યોગ સંપ્રાપ્ત થવા છતાં પણ જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રાખ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠીત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો.**

**જેણે પ્રમાદનો જય કર્યો તેમણે પરમપદનો જય કર્યો.**

**( શ્રીમદ્ રાજચંદ્ર )**

# આત્મા ઇન્દ્રિય ગ્રાહ્ય નથી તે અંતર્મુખ જ્ઞાનથી જાણાય એવો છે.

## [ રાજકોટ શહેરમાં નિયમસાર ગાથા ૩૮ ઉપર પૂજ્ય ગુરુદેવનું પ્રવચન ]

## ( તા. ૧૨-૨-૬૧, શનિવાર )

૧. આ આત્મતત્ત્વ દેહથી, વાણીથી ભિન્ન નિત્યાનંદ શુદ્ધ છે, તેને ભૂલીને પુણ્ય–પાપ તથા દેહમાં અજ્ઞાની પોતાપણું–કર્તાપણું માને છે. તેથી તેને શુદ્ધભાવનો અનુભવ નથી, તે દુઃખ જ વેદે છે; માટે સુખી થવું હોય તેણે પ્રથમ દેહથી અને રાગાદિથી ભિન્ન હું ચૈતન્ય છું એવી પ્રતીતિ કરવી જોઈએ. આત્મા સદાય પરિપૂર્ણ જ્ઞાન–આનંદ–શક્તિવાળો છે; તેને ઓળખી, અંદર સ્થિરતાના બળવડે જેમણે પૂર્ણશક્તિ પ્રગટ કરી, તેમણે ( રાગના આલંબન વિના–ઇચ્છા વિના, પૂર્ણ જ્ઞાનદ્વારા જગતના સર્વે પદાર્થોને જાણ્યા, અને કહ્યું કે–એક સમયમાં પરિપૂર્ણ જ્ઞાનમય આત્મા છે, તે દેહાદિથી ભિન્ન છે, તેને રુચિમાં લઈ તેની શ્રદ્ધા–તેનું જ્ઞાન અને તેનો અનુભવ જે કરશે તે જ સુખી થશે.

૨. અંદરમાં વિચારશક્તિ જ્ઞાન છે. ૧૦૦ વર્ષની આયુવાળો મનુષ્ય ૯૦ વર્ષની વાતો ક્ષણમાં જ યાદ કરી શકે છે એવી તાકાત દરેક ક્ષણે છે; તે જ્ઞાનને પોતાનાં ત્રિકાળીજ્ઞાનસ્વભાવ તરફ વાળી, પોતે પોતાના સ્વદ્રવ્યનો–( ધ્રુવજ્ઞાયક સ્વભાવનો ) આશ્રય કરે અને તેમાં લીનતા કરે તો ત્રણકાળ–ત્રણલોકના સમસ્ત પદાર્થોને એક સમયમાં જાણવાની જે પોતામાં તાકાત છે તે પ્રગટ થાય છે.

૩. વર્તમાન મતિ–શ્રુતજ્ઞાન છે તે દ્વારા પૂર્વના ઘણાભવનું જ્ઞાન થાય છે, એમ પૂર્વભવને યાદ કરનારા આ કાળે પણ છે. પણ તે અપૂર્વ નથી. પરંતુ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવી આત્માને જાણવો તે અપૂર્વ છે અને તે જ હિતનું કારણ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે–“જીવદ્રવ્ય એક અખંડ–સંપૂર્ણ હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય પણ સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.” તેમણે યથાર્થ અનુભવ દ્વારા, અંતરના કપાટ ખોલી આત્મસાક્ષાત્કાર કરેલ; તેથી સહજ આત્માના વેદનદ્વારા આવા સુંદર ટુકડાની નોંધ કરેલી હતી.

૪. અંતરમાં રમે તે સર્વજ્ઞપદને પામે છે. મોક્ષમાર્ગ કેમ પ્રગટે–દુઃખથી છૂટકારો

કેમ થાય ? તેનો વિચાર કરતાં મોક્ષમાળા નામે ગ્રંથમાં તેમણે કાવ્ય લખ્યું છે કે–'એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.' પુણ્ય–પાપ અને દેહાદિની એકતા–બુદ્ધિની બેડીમાં પરાધીન, દુઃખી થઈ રહ્યો છો તો હવે અંતરના ભાનદ્વારા તે બેડીને તોડી નિર્દોષ સુખ લે, એમ તેઓ કહે છે. તેઓ ગૃહસ્થદશામાં રહ્યા છતાં ગૃહસ્થદશાની રુચિ રહિત ત્રિકાળી જ્ઞાનભાવમાં દ્રષ્ટિ રાખીને સાધકપણાને સાધતા હતા.

૫. હવે અહીં આચાર્યદેવ કહે છે કે મોક્ષ અને મોક્ષના ઉપાયનું કારણ કારણપરમાત્મા ધ્રુવ વસ્તુ છે. તે ઔદયિક, ઔપશમિકાદિ ચાર ભાવના લક્ષે જણાય એવો નથી. પણ ત્રિકાળએકરૂપ કારણ સ્વભાવ શક્તિપણે છે તેની ઉપર દ્રષ્ટિ અને એકાગ્રતા કરવાથી શુદ્ધિનો અંશ અને પૂર્ણતા પ્રગટ થાય છે–એમ પીપરમાં પૂર્ણ તીખાશની શક્તિ પડી છે તે કારણસ્વભાવ અને તે ઘૂંટવાથી પ્રગટ થાય તે કાર્ય કહેવાય, તેમ આત્મામાં ત્રિકાળી ધ્રુવ શક્તિરૂપ શુદ્ધસ્વભાવ છે તેને કારણ પરમાત્મા, કારણ શુદ્ધ જીવ, અંતઃતત્ત્વ અથવા શુદ્ધભાવ કહેવામાં આવે છે. (તેમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ નોકર્મ તો નથી પણ ઔદયિકાદિ ચાર ભાવ પણ નથી.)

૬. પ્રભુ! તારી પ્રભુતા અંદર ભરી છે, ત્યાં નજર કર. સર્વજ્ઞ પરમાત્મા થયા તે કહે છે કે તું પણ મારી જાતનો છો, જેમ દશાશ્રીમાળી નાતમાં જમણવાર હોય તે નાતનો ગરીબ માણસ જમવામાં મોટા શ્રીમંતની જોડે જ બેસી શકે છે; તેમ પરમાત્મા કહે છે કે તું મારી સમાન–મારી નાતજાતનો છો, માત્ર વર્તમાન દશામાં ફેર છે. ત્રિકાળી સ્વભાવમાં જરાય ફેર નથી, તેથી વર્તમાન અંશની રુચિ છોડી ત્રિકાળી પૂર્ણસ્વભાવ તારામાં ભર્યો છે તેમાં જ રુચિકરદ્રષ્ટિ છે. આવા પોતાના કારણપરમાત્મામાં દ્રષ્ટિ દેવાથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વર્તમાન પર્યાયમાં પુણ્ય–પાપની વૃત્તિ થતી દેખાય છે પણ તે રૂપે જ્ઞાયકભાવ થઈ જતો નથી. વિકારી લાગણી ક્ષણે–ક્ષણે જ્ઞાનીને ટળતી જાય છે. 'જે ટળે તે તારું સ્વરૂપ નહિ.' એ સિદ્ધાંત છે.

૭. શાંતિ, સ્વતંત્રતા, અતીન્દ્રિય આનંદનો રાહ (ઉપાય–રસ્તો) તને મળેલ નથી તેથી તું સંયોગ અને પુણ્યની રુચિમાં અટવાણો છો અને તે કારણે જ અંતરની વસ્તુ શું છે તેની સૂઝ પડતી નથી. ભગવાનશ્રી કુન્દકુન્દાચાર્યે કરુણા કરી અંતરનો માર્ગ ખુલ્લો કરી બતાવ્યો છે. તેમનાં રચેલાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી પંચાસ્તિકાય શાસ્ત્રોની સર્વોત્તમ ટીકા હજાર વર્ષ પહેલાં થઈ ગયેલા શ્રી અમૃતચંદ્રાચાર્યે કરી છે.

૮. શ્રી કુન્દકુન્દાચાર્ય બે હજાર વર્ષ પૂર્વે થયા. તેઓ સર્વજ્ઞ ભગવાને કહેલાં આત્મતત્ત્વોનો અનુભવ કરતાં, આત્માની શાન્તિમાં (અતીન્દ્રિય આનંદની રમણતામાં) ઝૂલતા–(લીન રહેતા) હતા. મદ્રાસ પાસે ૮૦ માઈલ દૂર પોન્નુરહિલ નામે સુંદર ટેકરી છે, ત્યાં

તેમનાં ચરણચિહ્ન છે. આસપાસમાં જૈનોની ઘણી સંખ્યા છે. ત્યાંથી નજીકના એક ગામના મઠમાં બાવાજી રહે છે તેને ત્યાં પ્રાચીન લેખ છે કે કુન્દકુન્દાચાર્ય મહાન સમર્થ જ્ઞાની અને આકાશગમનની ઋદ્ધિવાળા દિગમ્બર મુનિ હતા. અન્ય સ્થળે જૂના શિલાલેખો ઘણા છે તેમાં શ્રી કુન્દકુન્દાચાર્ય અને તેમને જમીનથી અદ્ધર ગમનની ઋદ્ધિનો ઉલ્લેખ મળી આવે છે.

૯. દક્ષિણ યાત્રા વખતે ત્યાંના જાણકાર પંડિતો કહેતા હતા કે–શ્રી કુન્દકુન્દાચાર્ય આ પોન્નુર હિલની ગુફામાં તપ–ધ્યાન કરતા હતા ને અહીંથી મહાવિદેહ ક્ષેત્રમાં ગયેલ; ત્યાંથી પાછા આવી શાસ્ત્રો પણ અહીં રચેલાં. આઠ દિવસ વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધર પરમાત્મા પાસે તેઓ ગયેલા, તેઓ ભરતક્ષેત્રના મહામુનિ હતા, જ્ઞાન–ધ્યાન આનંદમાં લવલીન રહેતા હતા. એમાં એક વખત ભગવાનની ધર્મસભાનું ચિંતવન કરતાં અરે...સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા અહીં નથી તેનો વિરહ લાગ્યો અને વર્તમાન સાક્ષાત્ તીર્થંકર ભગવાન શ્રી સીમંધરદેવ જ્યાં બિરાજે છે ત્યાં શ્રી કુન્દકુન્દાચાર્યને જવાનો યોગ મળી ગયો. આઠ દિવસ રહેલા એ વાત યથાર્થ છે, ત્રિકાળ સત્ય છે. આ વાત કાંઈ એકલા શાસ્ત્રોના કથનના આધારે નથી. આચાર્યની આ વાત સાંભળતા અને યાદ આવતાં અમને ખૂબ પ્રમોદ થયેલો કે ધન્ય આ ક્ષેત્ર અને ધન્ય એ કાળ...અહો! તેઓ (પવિત્ર આત્માના) પરમાનંદમાં ઝૂલતા હતા, પૂર્ણાનંદની પ્રતીતિ અને આનંદના અનુભવમાં લીન રહેનારા, મહાઋદ્ધિધારી સમર્થ આચાર્ય હતા. વિદેહક્ષેત્ર છે ત્યાં સાક્ષાત્ સીમંધર ભગવાન્ આજે બિરાજે છે. ત્યાં ધર્મસભામાં તેમનો દિવ્યધ્વનિ છૂટે છે, પ્રત્યક્ષની આ વાત છે.

૧૦. આ નિયમસાર શાસ્ત્રમાં અધ્યાત્મની વાત બહુ જ સ્પષ્ટ કરી છે. શુદ્ધભાવ, પરમસ્વભાવ ત્રિકાળી–કારણસ્વભાવ, કારણદ્રવ્ય, કારણશુદ્ધજીવ, કારણપરમાત્મા કહો એ બધું એક જ છે. જે ખાણમાં નજર કરતાં પરમાનંદ પ્રગટ થાય છે તે અંતઃતત્ત્વ (ધ્રુવસ્વભાવ) એવું છે કે–પુણ્ય–પાપ રાગાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ કે જડશરીર તેને નથી. આત્મા ત્રિકાળી સહજ જ્ઞાયકભાવપણે છે. તેને ઓળખ્યા વિના કદી ધર્મ ન થાય. આત્માના ધર્મમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. ધર્મી (ગૃહસ્થ દશામાં) ચક્રવર્તી પણ હોય, તે રાગથી ભેદ પાડી અંતરજ્ઞાયક ભાવમાં દૃષ્ટિ કરે છે. આત્મસ્વાદ આગળ છ ખંડનું રાજ્ય તેને અત્યંત તુચ્છ લાગે છે.

૧૧. ઋષભદેવ ભગવાનના પુત્ર શ્રી બાહુબલીની મુનિદશાની મૂર્તિ શ્રવણ–બેલગોલા દક્ષિણમાં છે. તે અદ્‌ભૂત સુંદર અને ૫૭ ફુટની ઊંચી છે. દુનિયામાં નવમું–આશ્ચર્ય તે ગણાય છે. આ પ્રતિમાની મુખમુદ્રા ઉપર યથાર્થ વીતરાગતા દેખાય છે. દક્ષિણની યાત્રા કરીને પાછા વળતાં એક પંડિતે પૂછ્યું કે "આપે ત્રણ દિવસ ૧।।–૧।। કલાક તે પ્રતિમાજીનાં દર્શન કર્યાં તો તેમાં શી વિશેષતા જોઈ?" જવાબ આપ્યો કેઃ–અહો...એ તો નજરે તરવરે છે. અંદર અદ્‌ભુત–બેહદ પવિત્રતા અને બહારમાં તેનાં પુણ્યની ઉત્કૃષ્ટતા–પરાકાષ્ટા જોઈ. વળી એકાગ્રતાથી જોતાં જાણે

આખો આત્મા અંદર થંભી ગયો. પવિત્રતાનો પિંડ શાન્ત–આનંદસાગરમાં લીન દેખાયો અને વીજળીના ઝબકારા જેવાં પુણ્ય જોવામાં આવ્યાં.

૧૨. વળી 'આત્મા' કેવો છે? કે કર્મ મળથી રહિત તથા વિભાવગુણ–પર્યાયોથી રહિત છે. અહીં મતિશ્રુતજ્ઞાનને વિભાવગુણ–પર્યાય કહેલ છે. કેવળજ્ઞાન ક્ષાયિક પર્યાય છે, તે નીચે સાધકદશામાં હોતી નથી. તે પણ અનિત્ય પર્યાય છે, સમયે–સમયે બદલે છે તેવડો જ આત્મા નથી.

'અહો? પ્રભુ...પ્રભુતા તારી...છે ચૈતન્ય ધામમાં...'

"જ્યાં ચેતન ત્યાં સર્વ ગુણ, કેવળી બોલે એમ;

પ્રગટ અનુભવ આપણો, નિર્મળ કરો સપ્રેમ રે–ચૈતન્ય

પ્રભુજી પ્રભુતા તારી...રે ચૈતન્ય ધામમાં..."

ભાઈ! તારૂં ચૈતન્યઘન શાશ્વત સત્ ધ્રુવ છે. ક્ષાયિકપર્યાયના લક્ષે પણ તે પકડી શકાય નહિ. ચારભાવને વિભાવ (વિશેષભાવ) કહ્યા છે; તે ધ્રુવ (સામાન્ય) નથી.

૧૩. પરમ પારિણામિક સ્વભાવની શ્રદ્ધા–રુચિ, મહિમા જે કરે, તે અલ્પકાળમાં સિદ્ધપરમાત્મા થઈને તેમની સાથે બિરાજશે. જિજ્ઞાસાથી સત્ય સમજવા માગે તો તેનામાં કુણપ, સરલતા, સજ્જનતા આવે જ છે, કોઈ સત્તાપ્રિય અમલદાર હોય, તેના તંબુની એક ખીલી ઢીલી પડતાં તેમાં સળ પડે તો તેને ગોઠે નહિ, તો પછી પવનમાં આખો તંબુ ઊડે તે તો કેમ ગોઠે? તેમ અજ્ઞાનીને પરમાં ધાર્યું કરવાનું અભિમાન હોય છે તેને–નિરાલંબી આખો આત્મા કેમ ગોઠશે? સંયોગોની ભાવના હોય છે પણ સંયોગો તો અનિત્ય–અશરણ છે, તેમાંથી નિત્યતારૂપ શરણ ક્યાંથી આવે? બાળકપણે જન્મીને માતાના ગોદમાં આવવા પહેલાં, પ્રથમ–ક્ષણેજ જીવો અનિત્યતાની ગોદમાં આવે છે, આ શરીર અને પુણ્ય–પાપની લાગણી અનિત્ય જ છે, તેને આશ્રયે સુખ–સમાધાન ગોતવાથી તે કદી મળે નહિ.

૧૪. પુણ્યના ફળરૂપ અજ્ઞાનીને પૈસા વધે ત્યાં હું પહોળો ને શેરી સાંકડી એમ તેને થઈ પડે છે. પ્રભુ! તારી સુખદાતા ચીજ કોણ! તે તારા સાંભળવામાં પણ આવેલ નથી. શરીર સદાય જડ છે, તે તેનાથી બદલે છે, પુણ્ય–પાપ આસ્રવ મલિનભાવ છે; તેના વડે નિર્મળતા પ્રગટે નહિ. પણ તેની અપેક્ષા રહિત અંદર ધ્રુવસ્વભાવમાં દેખે તો નિત્ય કારણશક્તિમાંથી શુદ્ધકાર્ય પ્રગટે છે.

૧૫. આત્મા વિભાવગુણપર્યાય વિનાનો છે એમ કહ્યું એ તો નાસ્તિથી કહ્યું પણ અંદર અસ્તિપણે જોતાં તે અનાદિ અનંત જ્ઞાયક સ્વરૂપે છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત સદાય અરૂપી અમૂર્તિક છે. ઘણા જાણપણાના કારણે પણ શરીરમાં વજન વધતું નથી તેથી નક્કી થાય છે કે જ્ઞાનમાં વજન નથી, તે પૂર્વના રાગાદિ કલેશની વાત વર્તમાનમાં યાદ કરી શકે છે, પણ તે

યાદ કરતાં રાગાદિ થઈ આવતા નથી તેથી સિદ્ધ થાય છે કે જ્ઞાનમાં પુણ્ય–પાપ ( રાગાદિ ) રૂપ મેલ નથી. રાગાદિમાં એકતાબુદ્ધિ–કર્તાબુદ્ધિ તે મૂળ દોષ છે. તે જીવના જ્ઞાનને અજ્ઞાન ( મિથ્યાજ્ઞાન ) કહેવામાં આવે છે.

૧૬. ઘણું જાણે તો જ્ઞાનમાં તોલ થાય કે રાગ–દ્વેષ ઉપાધિ વધી જાય એમ નથી. જ્ઞાન તો આત્માનું સ્વરૂપ છે. જેની વર્તમાન અધુરીદશામાં પણ ઘણાં–ઘણાં વર્ષોની વાત યાદ કરવાની તાકાત છે તે પૂર્ણ થાય તો કોને ન જાણે ? સર્વને જાણે.

૧૭. આત્મા અનાદિ અનંત અતીન્દ્રિય જ્ઞાનમય વસ્તુ છે, તે સંયોગ અને વિકારના અભાવ સ્વભાવે સદાય છે, તે ઇન્દ્રિય અને શુભ વિકલ્પવડે જાણી શકાય એવો નથી. જીવદ્રવ્યના જ્ઞાયકભાવને પારિણામિકભાવ કહેવામાં આવે છે તે ત્રિકાળ શુદ્ધ જ છે; પણ તેની વર્તમાન પ્રગટદશામાં અશુદ્ધતા, અલ્પજ્ઞતા, અલ્પબળ છે. તેને ગૌણ કરી ( એનો આશ્રય કરવાની શ્રદ્ધા છોડી ) ત્રિકાળ સામાન્ય સ્વભાવની દ્રષ્ટિ કરતાં ધર્મની શરૂઆત થાય છે.

૧૮. જેમ જળનો કાયમી સ્વભાવ તો શીતળતામય છે પણ વર્તમાન દશામાં અગ્નિના સંબંધથી ઉષ્ણ અવસ્થા દેખાય છે. તે છે ખરી પણ તેના લક્ષે ઉષ્ણતાનો અનુભવ થાય પરંતુ શક્તિરૂપ શીતળતા ન જણાય. ઉષ્ણદશામાં જીભ, આંખ, હાથ દ્વારા શીતળતા નક્કી કરવા માગે તો ન જણાય. પણ તે ઉષ્ણતા ક્ષણિક છે તેથી ટળી શકે છે અને તે ઉષ્ણદશાની પાછળ કાયમી શીતળ સ્વભાવ પડયો છે એમ જ્ઞાનવડે નક્કી થઈ શકે છે. જેમ પાણીમાં ઉષ્ણતા છે તે પાણીનો કાયમી સ્વભાવ નથી, પણ તે તેની ક્ષણિક યોગ્યતા છે. તેમ આત્મામાં શાન્ત સ્વતંત્ર જ્ઞાન–આનંદ સ્વભાવ કાયમ છે, છતાં તેની વર્તમાનદશામાં પરાશ્રયથી થતી અલ્પજ્ઞતા–અશુદ્ધતા છે તે તેની ક્ષણિક યોગ્યતા છે, તેના લક્ષે અસલી કાયમી શુદ્ધભાવ ( આત્મા ) નો અનુભવ, થઈ શકે નહિ. વળી આત્મા વર્તમાન પ્રગટ અંશ જેટલો નથી, તે વચન તથા ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી પણ અંતર્મુખ જ્ઞાનથી જણાય એવો છે. ( પૂર્ણ નિર્મળ ) ક્ષાયિકપર્યાય જેવડો પણ નથી. તે તો અનાદિ–અનંત અતીન્દ્રિય અને સંપૂર્ણ ચૈતન્યમય પદાર્થ છે.

૧૯. કાળા મરી ( તીખાં ) અને મરચાની તીખાશ એ બેમાં ફેર છે. જ્ઞાન તેને જાણે પણ વાણીદ્વારા તે કહી શકાય નહિ. ગાયનું તાજું ઘી હોય તેનો સ્વાદ કેવો તે ખ્યાલમાં આવે પણ કોઈ બીજાની સરખામણી કે ઉપમાથી સંતોષકારક રીતે તેને કહી શકાય નહિ. તેમ આત્મા વાણીદ્વારા સંપૂર્ણપણે કહી શકાય એવો નથી.

‘જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે,
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.’

વાણી તો વાહન છે, તે અપેક્ષાથી ભેદ પાડીને વસ્તુનું વર્ણન કરે પણ તેમાં તો માત્ર ઇશારા આવે પણ એક સાથે આખું સ્વરૂપ ન આવે. વાણીના ઈશારાથી સમજી લેનારો અંદર

જાય તો ખબર પડે કે તે આવું તત્ત્વ છે.

"ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો..." એમાં યથાર્થ નિર્ગ્રંથપણાની –વીતરાગી મોક્ષમાર્ગમાં આરૂઢ થવાની ભાવના શ્રીમદ્ રાજચંદ્રજી ભાવે છે. બાહ્યમાં વસ્ત્રનો તાણો નહિ, અંદરમાં મિથ્યાત્વ રાગાદિ દોષ નહિ. મિથ્યાત્વની ગાંઠ તો તેમણે પ્રથમ તોડી હતી અને વિશેષ વીતરાગી ચારિત્રદશાની ભાવના ગૃહસ્થદશામાં તેઓ કરે છે.

૨૦. રાગ–ઇચ્છા કથન અને ઇન્દ્રિયોના વ્યાપારથી પાર શુદ્ધચૈતન્ય વસ્તુ છે. છાલાં કાચલી અને રાતડ રહિત સફેદ કોપરાના ગોળાની પેઠે આત્મા અંદર દેહ, કર્મ અને રાગ વિનાનો સહજસ્વાભાવિક જ્ઞાનાનંદમય અનાદિ અનંત છે, તે કોઈથી કરાયેલો નથી; કોઈ પુણ્યની કે શુભરાગની ક્રિયા કરવાથી તે પ્રાપ્ત થાય એવો નથી. ક્ષયોપશમભાવરૂપ અપૂર્ણ ઉઘાડ જેટલો તે નથી, ક્ષાયિક ભાવ છે, તે પણ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. આત્મા તો અનાદિ અનંત પરમ પારિણામિક જ્ઞાયક ભાવ સ્વરૂપ છે. જેના આધારે સમ્યગ્દર્શનરૂપ ધર્મની શરૂઆત થઈ, પૂર્ણ શુદ્ધતારૂપ ક્ષાયિકભાવ પ્રગટે તે ધ્રુવરૂપ કારણસ્વભાવને પરમભાવ અથવા શુદ્ધભાવ કહેવામાં આવે છે.

૨૧. ગજ મોટો કે ડુંગર? મોટા–મોટા પર્વતોનાં માપ ખૂટે પણ માપનાર ગજ ન ખૂટે. અનંતા પર્વતોને માપે પણ તે તો એવોને એવો રહે છે. જેમ ગજમાં માપ કરવાની જે તાકાત છે તેને હદ નથી તેમ આત્માના સર્વજ્ઞ સ્વભાવમાં જાણવાની બેહદ તાકાત છે. ત્રણકાળ ત્રણલોકને એકસાથે–એક સમયમાં સમસ્ત પ્રકારે જાણે. એક લોક છે પણ કદાચ અનંતગુણા લોક હોય તો પણ તેને જાણે. અહો! આવા આત્માનાં ગાણાં પ્રેમથી અજ્ઞાનીએ કદી સાંભળ્યાં પણ નથી.

૨૨. માતા છોકરાને ડાહ્યો–ડાહ્યો કહીને ઊંઘાડવા માટે ગાણાં ગાય છે. સર્વજ્ઞ ધર્મપિતા અજ્ઞાનમોહમય ભાવનિંદ્રામાંથી જીવોને જગાડવા માટે ગાણાં ગાય છે. તેઓ કહે છે કે તું અનાદિ–અનંત, દેહથી જુદો અને પરમજ્ઞાનસ્વભાવી, પરમપારિણામિક તત્ત્વ છો; તારામાં એકલું ડહાપણ–જ્ઞાન ભર્યું છે એમાં નજર કર. અજ્ઞાન દશામાં પણ અંદર બેહદ નિર્મળતારૂપ ડહાપણ અવ્યક્તપણે ભરેલ છે, પરંતુ અજ્ઞાનીને તીવ્ર મોહવશે જ્ઞાનવિકાસની શક્તિ ઘટી ગઈ હોય છે. પરંતુ જ્ઞાનીની દૃષ્ટિ અનાદિ–અનંત કારણપરમાત્મારૂપ શક્તિ–પરમભાવ નિધાન છે તેના ઉપર જાય છે.

૨૩. આ કારણપરમાત્મા તે ખરેખર ત્રિકાળી આત્મા છે, અતિ આસન્ન ભવ્ય જીવોને આ નિજ પરમાત્મતત્ત્વ સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. અમર થવાના રસ્તાની આ વાત છે. અંદર ધ્રુવકારણપરમાત્મદ્રવ્ય નિત્ય એકરૂપ છે, તેની શ્રદ્ધા તેનું લક્ષ અને તેમાં એકાગ્રતા કરી તેમાંથી આનંદ લેવાની આ રીત છે.

પરમપાવન દિવ્યતાના દિવ્યસંદેશા આપી પરમાત્માના વિરહ ભૂલાવનાર સદ્ગુરુદેવનો જય હો...જય હો!

# માનસ્તંભનો દશમો મહાભિષેક મહોત્સવ





**આવો...આવો...સીમંધર દેવ અમ ઘરે આવો રે**

**રૂડા ભક્તવત્સલ ભગવંત, નાથ પધારો રે**

[ ચૈત્ર સુદ ૧૦ શ્રી જિનેન્દ્રધર્મ વૈભવસ્તંભમાં શ્રી સીમંધર ભગવાનની પ્રતિષ્ઠાનો દશમો વાર્ષિક મહોત્સવ ઉજવાયો. ભક્તો પ્રસન્નતાથી વંદન, પૂજન અને ભક્તિ કરે છે. )

પૂ. ગુરુદેવના જન્મ ધામમાં બિરાજમાન પરમઉપકારી શ્રી સીમંધર ભગવાન




## સ્વરૂપ રુચિવંતની ભાવના

જેઓ સ્વરૂપનગર વસતા, કાળ આદિ અનંત;
ભાવે, ધ્યાવે અવિચલપણે, જેહને સાધુ સંત;
જેની સેવા સુરમણિ પરે, સૌખ્ય આપે અનંત;
એવા મ્હારા હૃદયકમળે, આવજો શ્રીજિનેન્દ્ર.

# સુ...વ...ર્ણ...પુ...રી સ...મા...ચા...ર

પરમ ઉપકારી પૂ. ગુરુદેવની છત્રછાયામાં જિનેન્દ્ર ધર્મસ્તંભ ( માનસ્તંભ ) નો

## દશવર્ષીય મહાભિષેક મહોત્સવ



માનસ્તંભ ભગવાનની સ્તુતિ

નીચે ઉપર નાથ ચતુર્દિશ
પદ્માસન અતિપ્યારા,
પાદ પડે ત્યાં તીરથ ઉત્તમ
દૃષ્ટિ પડયે ભવ પારા;
–નાથ મુજ આયા આયા રે,
–સુવર્ણ અમૃત ઊભરાયા.

[ નૂતન જિનમંદિર સામે મહાભિષેક માટે માનસ્તંભ ફરતો મંચ બાંધેલ છે તેનું દૃશ્ય ]

પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવની છત્રછાયામાં ચૈત્ર સુદિ ૧૦ ને શનિવારના માંગલિક દિને માનસ્તંભમાં પ્રતિષ્ઠિત મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન વિહરમાન, તીર્થનાયક પરમપૂજ્ય દેવાધિદેવ ૧૦૦૮ શ્રી સીમંધર ભગવાનની પ્રતિષ્ઠાની દસમી વર્ષ ગાંઠનો મહોત્સવ અતિ ઉલ્લાસપૂર્વક ઊજવાયો હતો, શ્રવણબેલગોલામાં શ્રી બાહુબલિ ભગવાનનો મહાભિષેક દર બાર વર્ષે થાય છે. તે પ્રમાણે અહીંના માનસ્તંભ ઉપર બિરાજમાન શ્રી સીમંધર ભગવાનનો મહાભિષેક થયો હતો. ગગનચુંબી ૬૩ ફૂટ ઊંચા માનસ્તંભ ઊપર જવા માટે મોટો મંચ બાંધવામાં આવ્યો હતો. આ પ્રસંગ ઘણા વર્ષે પ્રાપ્ત થયો હોવાથી શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી અને ટ્રસ્ટીઓએ, મહોત્સવ ઊજવણીમાં સર્વે મુમુક્ષુ ભાઈઓ ભાગ લઈ શકે તે માટે તા. ૧૨–૪–૬૨ થી ૧૭–૪–૬૨ સુધીનો છ દિવસનો મહોત્સવ સમય નિર્માણ કરીને આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી આવી હતી.

પૂ. ગુરુદેવના સાનિધ્યમાં આવો લ્હાવો લેવાની કોને હોંશ ન હોય! ભારતના અનેક અનેક સ્થળેથી ચૈત્રના ઉગ્ર–તાપના સમયમાં પણ બહુ મોટી સંખ્યામાં મુમુક્ષુઓ આવ્યા હતા. મુંબઈથી શેઠ શ્રી નવનીતભાઈ ઝવેરી, દિલ્હીથી ખાસ જિજ્ઞાસુઓ, ઉદેપુરથી શ્રી ચંદ્રસેનજી બંડી, આગ્રાથી શ્રી નેમીચંદજી પાટણી તથા બીજા અનેક ભાઈબહેનો આવ્યા હતા. અજમેરથી ડો. સૌભાગ્યચંદજી તેમની ભક્ત મંડળી સાથે આવ્યા હતા.

ચૈત્ર સુદ ૧૦ના પ્રભાતે શરણાઈના મંગલ સુરે ભગવાનના અભિષેકની વધાઈ આપી અને વાજીંત્રોએ તેમાં મીઠો સુર પુરાવ્યો. એ રીતે મહાભિષેકની તૈયારીની શરૂઆત થઈ.

પરમ પૂ. ગુરુદેવશ્રીના પાવન હાથે સુવર્ણકળશમાં સ્વચ્છ જળથી ભગવાનનો પ્રથમ અભિષેક થયો હતો. શરુઆત થઈ કે જયજયકારથી આકાશ ગુંજી રહ્યું હતું, ભક્તજનોના ઉલ્લાસનો પાર ન હતો. પૂ. બેનશ્રીબહેનની ભક્તિ અને ઉલ્લાસ તો અદ્‌ભુત હતા, આ વખતે અજમેરની ભજનમંડળીએ જિનભક્તિનો સુંદર કાર્યક્રમ રજુ કર્યો હતો. શ્રી મુળચંદજીએ તેમની નૃત્યકળાથી અને ભજનમંડળીના અન્ય ભાઈઓએ પોતાની લાક્ષણિક શૈલીથી ભક્તિની ધૂન જમાવી હતી. સામે શ્રી માનસ્તંભજી ઉપર ક્રમસર સુવર્ણ–ચાંદીના કળશો લઈ હજારો ભાઈઓએ ઉપર બિરાજમાન શ્રી સીમંધર ભગવાનનો શુદ્ધજળથી અભિષેક કર્યો હતો.

આ મહોત્સવ દરમ્યાન પૂ. ગુરુદેવશ્રીએ અધ્યાત્મ અમૃતમય વાણીદ્વારા સવારે મોક્ષમાર્ગ પ્રકાશકના પ્રવચનોમાં જિનમાર્ગમાં નિશ્ચય–વ્યવહારનયોનું સ્વરૂપ શું છે અને અજ્ઞાનવશ જીવ તેનો વિપરીત અર્થ કેવી રીતે કરે છે તેનું તથા શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પ્રવચનોમાં સમ્યગ્દ્રષ્ટિનું સાતભય રહિતપણું, નિ:શંકિતાદિ ગુણનું ધારકપણું અનેક દ્રષ્ટાંતો પૂર્વક સુંદર રીતે સમજાવતા હતા.

ચૈત્ર સુદ ૧૧–ભગવાનશ્રી મહાવીરપ્રભુની રથયાત્રાનો ભવ્ય વરઘોડો રથમાં ચાંદિની નવીન ગંધકુટીમાં ભગવાનને બીરાજમાન કરીને વનમાં લઈ ગયા હતા. સાથે અજમેર ભજનમંડળીનો સુંદર કાર્યક્રમ હતો. એથી વરઘોડાનું દ્રશ્ય વિશેષ દીપતું હતું. વનમાં જિનેન્દ્ર ભગવાનનો અભિષેક, પૂજન પછી રથયાત્રાનો વરઘોડો જિનમંદિરમાં પહોંચતા ભક્તો ભગવાનની ભક્તિમાં મસ્ત થતાં માનસ્તંભ ભગવાન પાસે તાપની પરવાહ કર્યા વિના ખૂબ ભક્તિ કરી હતી.

શ્રી બાબુભાઈ ચુનીલાલ (ફતેપુર ઉ. ગુજરાત) જેઓ પૂ. ગુરુદેવના પરમભક્ત છે અને ગુજરાતમાં મુમુક્ષુમંડળના આગેવાન છે તેમણે રથયાત્રામાં તથા જિનમંદિરમાં ભગવાન

સમીપ નૃત્ય સહિત ખુબ ઉત્સાહથી ભક્તિરસની ધૂન મચાવી હતી. બીજા પણ મુમુક્ષુભાઈઓ તેમાં જોડાયા હતા–બધાને બહુ પ્રમોદ થયો હતો.

બપોરે પૂ. ગુરુદેવશ્રી મંચ ઉપર ચડીને જ્યાં ભગવાન શ્રી સીમંધરભગવાન્‌ની અતુલ ભક્તિ સહિત અંતરંગમાં અભેદ ભક્તિમાં ભરતી લાવતા હોય એમ ભગવાનની સામે સ્વાભાવીક એકાગ્ર ધ્યાનમુદ્રામાં બેસી ગયા હતા ત્યાં પણ અમુક ભક્તો અને અજમેર ભજન મંડલીવાળા પહોંચ્યા અને ખુબ હોંશમાં આવીને પ્રસન્નતાથી–શાન્તિથી પ્રભુભક્તિની લય લગાડી હતી. અહા!! એ વખતનું દ્રશ્ય પણ ભારે આહ્‌લાદજનક હતું.

ચૈત્ર સુદ ૧૨–જિનમંદિરમાં સમૂહપૂજન, પૂજ્ય ગુરુદેવશ્રીના બે વખતના પ્રવચન અને ભક્તિનો કાર્યક્રમ બપોરે તથા રાત્રીએ પ્રવચનમંડપમાં હતો.

ચૈત્ર સુદ ૧૩–શ્રી મહાવીર ભગવાનનો જન્મકલ્યાણક દિવસ હોવાથી તથા પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સંવત ૧૯૯૧માં આજના મંગળમય દિને પરિવર્તન કરી મહામાંગલિક શુદ્ધ દિગમ્બર જૈન ધર્મની પ્રગટપણે ઘોષણા કરી. જિનેન્દ્ર સર્વજ્ઞ વીતરાગ પ્રણિત આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો તે વર્ષગાંઠનો પવિત્ર દિવસ ઐતિહાસીક દિવસ હોવાથી બન્ને સાથે ઉજવવામાં આવ્યા હતા.

પૂ. ગુરુદેવે કરેલા મહાન ઉપકારને વ્યક્ત કરતા અને તેમના પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ દર્શાવતા બહારગામથી આવેલા તારો સભામાં વાંચી સંભળાવવામાં આવ્યા હતા. આજ સવારે પ્રભાતફેરી પછી જિનેન્દ્રપૂજન, પૂ. ગુરુદેવના પ્રવચન પછી ભગવાન્‌ શ્રી મહાવીર પ્રભુની ભવ્ય રથયાત્રા પ્રથમની જેમ મહાન ઉત્સવથી નગરમાં ફેરવી હતી. મહેમાનોને રાત્રે માનસ્તંભ પ્રતિષ્ઠા મહોત્સવની ફિલ્મ બતાવવામાં આવી હતી.

ઉત્સવ દરમ્યાન જુદાજુદા ખાતામાં સંસ્થાને સારી આવક થઈ હતી. ઘણે દૂર દૂરથી ઘણાં મહેમાનો આવ્યા હતા. સર્વે મુમુક્ષુ ભાઈઓને શ્રી નવનીતભાઈ સી. ઝવેરી (મુંબઈ) તથા શ્રી ચંદ્રસેન બંડી (ઉદેપુર) ની તરફથી એક એક દિવસનું જમણ હતું.

***

આ વખતની દિ. જૈન મુમુક્ષુ મહામંડળની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે પૂ. ગુરુદેવશ્રીના દર્શનાર્થે આવતા મુમુક્ષુ ભાઈ–બહેનોને અગાઉની માફક જમવા તથા રહેવાની ફ્રી સગવડ અગાઉની માફક રાખવી.

આ ઉત્સવ વખતે શ્રી દિ. જૈન મહામંડળ (સોનગઢ) ની સાધારણ સભાનું અધિવેશન થયું. તેમાં ભાગ લેવા માટે દૂરદૂરના લગભગ ઘણા મુમુક્ષુમંડળના પ્રતિનિધિ આવ્યા હતા અને નવીન ઉત્સાહના વાતાવરણમાં મહામંડળનું અધિવેશન થયું. ત્રણ વર્ષ માટે કાર્યકારિણી કમિટીની ચુંટણી થઈ હતી. તેના પ્રમુખ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી, ઉપપ્રમુખ શ્રી નવનીતલાલ ચુનીલાલ ઝવેરીને નીમવામાં આવ્યા હતા. શ્રી નેમીચંદજી પાટનીએ ઉત્સાહ સહિત ભાગ લઈને તે કાર્યવાહીને સફળ બનાવી હતી. શ્રી નેમીચંદજી પાટની (કિશનગઢ) આ ઉત્સવમાં ખાસ ભાગ લેવા આવ્યા હતા. સંસ્થાના વિકાસની યોજનાઓમાં તેમની ઉપયોગી સલાહ મળતી રહે છે.

શ્રી નવનીતભાઈ સી. ઝવેરી મુંબઈમાં મુમુક્ષુ મંડળમાં હરેક પ્રવૃત્તિમાં ખુબ ઉત્સાહ પૂર્વક ભાગ લે છે. પોતાના ધર્મપત્નિ સહિત હંમેશા શાસ્ત્ર પ્રવચનમાં આવે છે. સોનગઢમાં પણ પૂ. ગુરુદેવના પ્રવચનો સાંભળવા વારંવાર આવે છે અને તત્ત્વજ્ઞાનને સારી રીતે સમજીને ગ્રહણ કરે છે.

ઉજ્જૈનમાં શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિરનું તથા તા. ૨૦–૪–૬૨ના મુંબઈ–દાદરમાં શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળદ્વારા થનારા શ્રી દિ. જિનમંદિરનું ખાતમુહૂર્ત (શિલાન્યાસ) ના ઉત્સવો તેમના શુભહસ્તે થયા હતા. પૂ. શ્રી ગુરુદેવ કાનજીસ્વામી દ્વારા સત્સાહિત્યનો તથા સત્યસ્વરૂપનો વેગવાન વધુને વધુ પ્રચાર દેશભરમાં હરેક સ્થળે સારી રીતે થાય એવી એમની ખુબ ભાવના છે અને તે માટે તન–મન–ધન લગાવે છે.

શ્રી દીપચંદજી શેઠીયા (સરદાર શહેર) જેઓ ૨૨ સાલથી પૂ. કાનજીસ્વામી ગુરુદેવના પરમભક્ત, પરિક્ષાપ્રધાની, પ્રૌઢ તત્ત્વવિચારક, વૈરાગી, વિશેષ ધર્મસંસ્કારવાન, આત્માર્થી છે. આત્મહિતમાં જ પ્રવૃત્તિ અને પ્રચારદ્વારા જેમનું નામ બહુ પ્રસિદ્ધિને પામેલ છે. ૩૫ વર્ષ પહેલાં સાઠ લાખ રૂપીયા તેમના મામાજી વારસામાં દેતા હતા પણ વૈરાગ્યવશ ન જ લીધા. તેઓશ્રીની ભાવના છે કે પૂ. ગુરુદેવદ્વારા જે સત્યધર્મનો પ્રકાશ થઈ રહ્યો છે તે સર્વજ્ઞપ્રણિત તત્ત્વજ્ઞાનનો પ્રકાશ અને પ્રવાહ ખૂબ વૃદ્ધિને પામીને દેશભરમાં પ્રચાર પામે.

પૂ. ગુરુદેવની આંખે મોતિયાના સફળ ઓપરેશન, પછી આંખે સારી રીતે પ્રકાશ અને પ્રથમ પ્રવચન શરૂ થવાના સમાચાર મળતાં જ આ આનંદમય અવસર ઉપર જ્ઞાન પ્રચાર અર્થે શ્રી દીપચંદજી શેઠિયાજી તથા તેમના નારાયણ પરિવાર તથા તેમના અનેક મિત્રોદ્વારા

કુલ મળીને રૂા. ૩૩૫૦૮ (તેત્રીશ હજાર પાંચસો આઠ રૂપીયા) શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટને ભેટરૂપે ધર્યા છે. શ્રી શેઠિયાજીનું શરીર નબળું છતાં પૂ. ગુરુદેવના પરિવર્તન દિને ખાસ ભક્તિવશ પણે દૂરથી સોનગઢ આવ્યા. તેમાં વિશેષતા એ બની કે બહારગામથી આવેલા ઘણા મહેમાનો સમક્ષ પૂજ્ય ગુરુદેવે સભામાં સુંદર શબ્દોદ્વારા શ્રી શેઠિયાજીને સાચા વૈરાગી, વિશેષ ધર્મસંસ્કારવાન, ભેદજ્ઞાની, આત્માર્થી સજ્જન તરીકે પરિચય આપ્યો. તે સાંભળીને સહુને વિશેષ આનંદ થયો. આ રીતે અનેક નવીનતા તથા વિશેષતાઓ સહિત આ મંગળ મહોત્સવ ઉજવવવામાં આવ્યો.

બ્ર. ગુલાબચંદ જૈન

### મુંબઈ—દાદર મધ્યે શ્રી દિગમ્બર જિનમંદિરનો

# શિલાન્યાસવિધિ મહોત્સવ

ચૈત્ર વદી ૧, તા. ૨૦–૪–૬૨ શુક્રવારના રોજ નુતન જિનમંદિરનો શિલાન્યાસવિધિ મહોત્સવ ઘણાજ આનંદપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

સવારના ૭।। વાગ્યે ભગવાન શ્રી નેમિનાથને રથમાં બિરાજમાન કરી, રથયાત્રા કાઢવામાં આવી હતી, રથમાં ભગવાનને લઈને બેસવાનો સુઅવસર મળ્યો જાણી શ્રીમાન્ નવનીતલાલ ચુનીલાલ ઝવેરી ઘણાજ પ્રસન્ન અને પ્રમોદિત જણાતા હતા. રથયાત્રાનું દ્રશ્ય ઘણુંજ સુંદર લાગતું હતું.

૮ વાગ્યે જ્યાં નૂતન જિનમંદિરનું નિર્માણ થવાનું હતું તે પ્લોટમાં ભગવાનનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સવારના ૯ વાગ્યે અહીંના પ્રસિદ્ધ, ઉદાર, શાંત ધર્મપ્રેમી શેઠશ્રી નવનીતલાલભાઈ ઝવેરી J. P. ના શુભહસ્તે શિલાન્યાસવિધિ કરવામાં આવ્યો હતો. વાતાવરણ ઘણું જ મનોરમ્ય અને આનંદદાયક હતું, સૌ કોઈના હર્ષનો પાર ન હતો અને કાર્યક્રમ ઘણાજ આનંદપૂર્વક ઊજવાયો હતો.

શ્રીમાન શેઠશ્રી રાજકુમારજી (ઇંદોર) પણ આ પ્રસંગે હાજર હતા તથા અનેક આગેવાન વ્યક્તિઓ પણ ઉપસ્થિત હતી.

પ્રસંગને અનુકૂળ શ્રી ખીમચંદ જેઠાલાલ શેઠે પ્રવચન કર્યું હતું, તેમજ શ્રીમાન નવનીતભાઈ, શ્રી મણીભાઈ શેઠ તથા શ્રી ચીમનભાઈએ પણ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું.

પોતાને આવો અપૂર્વ અવસર સાંપડયો એની ખુશાલીમાં શ્રીમાન શેઠ નવનીતભાઈ ઝવેરીએ રૂા. ૧૫૦૦૧ ) શ્રી જિનમંદિરને અર્પણ કર્યા હતા તથા રૂા. ૭૫૦૧ ) શેઠ મણીલાલ જેઠાલાલ શેઠે પોતાના ભાઈઓ તરફથી શ્રી જિનમંદિરને અર્પણ કર્યા હતા. તે ઉપરાંત અનેક ભાઈબેનોએ વિધવિધ રકમો લખાવી હતી. કુલ મળીને રૂા. ૪૪ ) હજારની રકમ એકઠી થઈ હતી.

આ પ્રસંગે શ્રીમાન શેઠ નવનીતલાલભાઈ ઝવેરીએ જણાવ્યું હતું કે સમ્યગ્દર્શનનું સ્વરૂપ ઘણું જ જરૂરી છે. ભવનો અંત તેનાથી આવે છે. મારી સમજણમાં આ કાળે માત્ર હિંદુસ્તાનમાં જ નહિ પણ આખી દુનિયામાં કોઈ સમ્યગ્દર્શનનું યથાર્થ સ્વરૂપ સમજાવતા હોય તો પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી જ છે. એમ બેધડકપણે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો અને પૂજ્ય ગુરુદેવશ્રીનો આભાર માન્યો હતો. તેમજ મુરબ્બી ખીમચંદ જેઠાલાલ શેઠે કહ્યું કે અહીં શ્રી મહાવીર ભગવાનનું જિનમંદિર નિર્માણ થવાનું છે. આજે શુકવાર છે. શુક્ર એટલે વીર્ય. વીરના સંદેશા પણ આત્મવીર્ય ઉછાળવા માટે છે. તે વીરના સંદેશાઓ ઝીલીને જેમણે આપણા આત્મહિત માટે વીર્ય ફોરવવાનો અમૂલ્ય ઉપદેશ આપ્યો તે પૂ. શ્રી સદ્‌ગુરુદેવના આપણા ઉપર અનંત ઉપકાર છે. વિગેરે વિગેરે કહ્યું હતું.

ત્યારબાદ સમૂહ અલ્પાહારનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ આખોય કાર્યક્રમ અત્યંત આનંદપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.




**શ્રી દિગંબર મહાવીર જૈન મંદિર-દાદર**

**નું શિલાન્યાસ કરતાં શ્રી નવીનભાઈ ઝવેરી**


તા. ૨૦–૪–૬૨ સવારના ૯ વાગે.

# શ્રી ગીરનાર તીર્થ યાત્રાનું પુનિતસ્મરણ




**પૂજ્ય ગુરુદેવશ્રીની શુદ્ધચિદાનંદસ્વરૂપની ભક્તિઃ-**

**"હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન દર્શન મય ખરે,**
**કંઈ અન્ય તે મારૂં જરી પરમાણુ માત્ર નથી અરે!"**




દિગમ્બરજૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી મુદ્રક-પ્રકાશકઃ હરિલાલ દેવચંદ શેઠ,
આનંદ પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર